RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 16, Issue : 09, Dt.18-4-2025 Friday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# અમેરિકા અને ચીન વચ્ચે ટેરિફ યુદ્ધનો અંત આવશે

## આખરે ટ્રમ્પ ઝુક્યાઃડ્રેગન સાથે વાતચીત કરવા તૈયાર થયાઃ ટેરિફ વોરનો અંત લાવવા પણ આપ્યો સંકેત : ચીન સાથે ખુબ સારા વેપાર કરાર કરવા જઈ રહ્યાં છીએઃ બંને દેશ વાટાઘાટો કરશેઃ ટ્રમ્પનું એલાન

**મુખ્ય સમાચાર,વોશિંગ્ટન**

અમેરિકાએ ચીન સાથે વેપાર યુદ્ધ શરૂ કરી દીધું છે. દરમિયાન, ગુરુવારે અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે સંકેત આપ્યો હતો કે અમેરિકા અને ચીન વચ્ચે ટેરિફ યુદ્ધનો અંત આવી શકે છે. ટ્રમ્પનું આ નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે આ અઠવાડિયે ચીનથી આયાત થતી વસ્તુઓ પર ટેરિફમાં ૨૪૫%નો વધારો કરવામાં આવ્યો છે. ટ્રમ્પે કહ્યું કે તેઓ ટેરિફમાં વધુ વધારો કરવા માંગતા નથી કારણ કે તેનાથી ગ્રાહકો ખરીદી કરવાથી નિરાશ થઈ શકે છે. તેમણે ટિકટોકના ભવિષ્ય પર કરાર થવાની શકયતા પણ વ્યક્ત કરી. તેમના નિવેદન પરથી એવું લાગે છે કે હવે તેઓ સમજી ગયા છે કે વેપાર યુદ્ધને કારણે આખરે અમેરિકાને નુકસાન સહન કરવું પડશે.

અમેરિકા કહેતું રહ્યું છે કે ટેરિફ યુદ્ધનો અંત આવી શકે છે, પરંતુ પહેલા ચીને પહેલ કરવી પડશે. જોકે, ચીન પહેલા ટ્રમ્પ પોતે ટેરિફ વોર સમાપ્ત કરવા અંગે નિવેદન આપી ચૂકયા છે. વ્હાઈટ હાઉસ ખાતે પત્રકારો સાથે વાત કરતા તેમણે કહ્યું, તેથી, હું નથી ઈચ્છતો કે ટેરિફ વધુ વધે, અથવા હું તે સ્તર સુધી જવા પણ માંગતો નથી. હું ટેરિફ ઓછો રાખવા માંગુ છું કારણ કે તમે ઈચ્છો છો કે લોકો ખરીદી કરે, અને ચોક્કસ સમયે લોકો ખરીદી કરવાનું બંધ કરી દેશે. કારણ કે ચોક્કસ સ્તર પછી લોકો ખરીદી કરવાનું બંધ કરી દેશે. હું ઓછા ટેરિફ ઈચ્છું છું જેથી લોકો ખરીદી કરતા રહે.

**ચીન પર ૨૪૫ ટકા ટેરિફ**

ટ્રમ્પે પોતાના નિવેદન દ્વારા એ પણ સંકેત આપ્યો કે તેમને અન્ય દેશો પર ઊંચા ટેરિફ લાદવામાં ઓછો રસ છે. ૨ એપ્રિલના રોજ, તેમણે ભારત સહિત વિશ્વના લગભગ દરેક દેશ પર પારસ્પરિક ટેરિફની જાહેરાત કરી, જેના કારણે વૈશ્વિક શેરબજારોમાં ઘટાડો થયો. જોકે, થોડા દિવસોમાં તેમણે ૯૦ દિવસ માટે ટેરિફ સ્થગિત કરી દીધા અને અમેરિકામાં આયાત થતી મોટાભાગની વસ્તુઓ પર ૧૦ ટકાનો બેઝ ટેરિફ લાદ્યો. જોકે, ચીને પણ અમેરિકા પર ટેરિફ લાદીને બદલો લીધો. આ વેપાર યુદ્ધનું પરિણામ એ આવ્યું કે અમેરિકાએ ટેરિફમાં ૨૪૫ ટકાનો વધારો કર્યો.

**ચીન વાતચીત માટે તૈયાર છે.**

વ્હાઈટ હાઉસની ફેક્ટશીટ અનુસાર, ૭૫ થી વધુ દેશોએ નવા વેપાર કરારો પર ચર્ચા શરૂ કરી છે. એટલા માટે વાટાઘાટોને કારણે દરેક દેશ પર વ્યક્તિગત ટેરિફ મોકૂફ રાખવામાં આવ્યા છે, સિવાય કે ચીન, જે તેના બદલાના પગલાંને કારણે ૨૪૫% ટેરિફનો સામનો કરી રહ્યું છે. ચીનના વિદેશ મંત્રાલયે કહ્યું કે તે વોશિંગ્ટન સાથે મુકાબલો ઈચ્છતું નથી, પરંતુ ચૂપ પણ રહેશે નહીં. ઉપરાંત, જો ટ્રમ્પ આદર બતાવે તો ચીન વાતચીત માટે તૈયાર છે.

**અમેરિકા અને ચીન વાત કરી રહ્યા છે**

ટ્રમ્પે કહ્યું કે ટેરિફ લાગુ થયા પછી



ચીન સંપર્કમાં છે અને બંને દેશો વેપાર કરાર પર પહોંચી શકે છે. સમાચાર એજન્સી રોઈટર્સના સૂત્રોના જણાવ્યા અનુસાર, બંને દેશો વચ્ચે સંપર્ક જાળવી રાખવામાં આવ્યો છે, પરંતુ તાત્કાલિક કરાર માટે ઉચ્ચ સ્તરીય વાટાઘાટો હાલમાં થઈ રહી નથી. ટ્રમ્પે વોશિંગ્ટન-બેઈજિંગ ચર્ચાઓ અથવા ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગની ભાગીદારી વિશે ચોક્કસ વિગતો આપવાનો ઈનકાર કર્યો હતો.

અમેરિકા અને ચીન વચ્ચે ચાલી રહેલ ટેરિફ યુદ્ધ હવે સમાપ્ત થવાના આરે છે. આવો સંકેત અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે આપ્યો છે. ટ્રમ્પે ચીન સાથે ખૂબ જ સારા વેપાર કરાર પર પહોંચવાનો વિશ્વાસ વ્યક્ત કર્યો છે. અમેરિકા અને ચીન વચ્ચે ઘણા દિવસોથી ટેરિફ યુદ્ધ ચાલી રહ્યું છે. અમેરિકાએ ચીન પ્રત્યેના પોતાના કડક વલણમાં ફેરફાર કરવાનો નિર્ણય લીધો છે.

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ગુરુવારે ચીન સાથે ખૂબ જ સારો વેપાર કરાર પર પહોંચવાનો વિશ્વાસ વ્યક્ત કર્યો. બેઈજિંગની પ્રતિક્રિયાત્મક કાર્યવાહીના જવાબમાં અમેરિકાએ ચીની આયાત પર ૨૪૫ ટકા સુધીના ભારે ટેરિફ લાદ્યા છે. અમે એક સોદો કરવા જઈ રહ્યા છીએ, ટ્રમ્પે કહ્યું, ધ હિલના અહેવાલ મુજબ. મને લાગે છે કે આપણે ચીન સાથે ખૂબ જ સારો સોદો કરીશું.

મીડિયા સાથે વાત કરતા, ટ્રમ્પે એમ પણ કહ્યું કે તેમને લાગે છે કે અમેરિકાને યુરોપ કે અન્ય કોઈ સાથે સોદો કરવામાં બહુ ઓછી સમસ્યા થશે. ઈટાલીના વડા પ્રધાન જ્યોર્જિયા મેલોનીની વ્હાઈટ હાઉસની મુલાકાત દરમિયાન અમેરિકી રાષ્ટ્રપતિની આ ટિપ્પણી આવી. જ્યાં તેમણે પારસ્પરિક ટેરિફ પર ૯૦ દિવસનો વિરામ સમાપ્ત થાય તે પહેલાં યુરોપિયન યુનિયન (ઊઞ) સાથે વેપાર સોદો થવાનો વિશ્વાસ પણ વ્યક્ત કર્યો.

# ઈઝરાયેલ-હમાસ વચ્ચેના ભીષણ યુદ્ધમાં કાયમી સમાધાનનો તખ્તો તૈયાર

**મુખ્ય સમાચાર,હમાસ**

ઈઝરાયેલ-હમાસ વચ્ચે ચાલી રહેલા ભીષણ યુદ્ધમાં હવે કાયમી સમાધાનનો તખ્તો તૈયાર થયો છે. વચગાળાના યુદ્ધવિરામનુ કોઈ અસરકારક પરિણામ ન આવતા હવે હમાસે તમામ ઈઝરાયેલી બંધકોને મુક્ત કરીને યુદ્ધ ખત્મ કરવા તૈયારી બતાવી છે. સાથોસાથ પેલેસ્ટાઈની કેદીઓને પણ છોડી મુકવાની શરત મુકી છે.



ઈઝરાયલ અને હમાસ વચ્ચે લાંબા સમયથી ચાલતું યુદ્ધ હવે ખતમ થવાની અણીએ હોય તેવું લાગે છે. હમાસે ઈઝરાયલને યુદ્ધ ખતમ કરવાનું આહ્વાન કરતાં કહ્યું કે અમે તમામ બંધકોને છોડવા તૈયાર છીએ પણ સામે તમારે યુદ્ધ ખતમ કરવું પડશે.

હમાસના વરિષ્ઠ અધિકારીએ કહ્યું કે અમે ઈઝરાયલની જેલમાં કેદ પેલેસ્ટિની નાગરિકોના બદલામાં તમામ બંધકોને છોડવા રાજી છીએ. અમે તમામ ઈઝરાયલી બંધકોને મુક્ત કરી દઈશું. હમાસના નેતા ખલીલ અલ હાયાએ ટેલિવિઝન પર કહ્યું કે હવે અમે કોઈ વચગાળાની સમજૂતિ કરવા માગતા નથી. કાયમી ઉકેલ લાવવો પડશે.

તાત્કાલિક અસરથી યુદ્ધ ખતમ કરો. અમે ગાઝામાં યુદ્ધ નથી ઈચ્છતા. હાયાએ કહ્યું કે ઈઝરાયલના વડાપ્રધાન નેતન્યાહૂ અને તેમની સરકાર પોતાના પોલિટિકલ એજન્ડા માટે આંશિક સમજૂતીઓ કરી લે છે. જેના કારણે ગાઝામાં ભૂખમરાંની સ્થિતિ ઘેરાતી જઈ રહી છે. અમે હવે તમામ બંધકોને મુક્ત કરવા તૈયાર છીએ.

# મોંઘવારીમાં પડ્યા પર પાટુંઃ ભાડા કરારમાં હવે રૂ. 300ને બદલે ૫૦૦નો સ્ટેમ્પ વપરાશે

## રહેણાક માટે હવે ૭૦૦ તેમજ કોમર્શિયલ માટે ૧૪૦૦નો સ્ટેમ્પ વપરાશે એવી જાહેરાત બાદ ભારે કચવાટ

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

રહેણાંક અને કોમર્શિયલ ભાડા કરારમાં સરકારે સ્ટેમ્પની કિંમતમાં ધરખમ વધારો કરી દેતા મોંઘવારીમાં પીડાતી પ્રજાને પડતા ઉપર પાટુ વાગ્યા જેવો ઘાટ થયો છે. સરકારે નવા પરિપત્ર મુજબ રહેણામાં ૨૦૦ની જગ્યાએ ૫૦૦ અને કોમર્શિયલમાં ૧૦૦૦નો સ્ટેમ્પ ફરજીયાત ઉપયોગમાં લેવા માટે નોટીફિકેશન પણ બહાર પાડ્યું છે. બીજી તરફ સરકાર દ્વારા સ્ટોક હોલ્ડિંગ કોર્પોરેશનની વેબસાઈટમાં સ્ટેમ્પ કાઢવા માટે આર્ટિકલ નક્કી કરતા જ રેસીડેન્ટમાં ૮૦૦ અને કોમર્શિયલમાં ૧૪૦૦ રૂપિયાનો સ્ટેમ્પ આવતો હોવાથી પક્ષકારીને વધારાનો માર સહન કરવાનો

તા. ૧ એપ્રિલ-૨૦૨૫થી રાજ્ય સરકાર દ્વારા વિવિધ કામ માટે ઉપયોગમાં લેવાના સ્ટેમ્પ પેપરમાં વધારો કરાયો હતો. ખાસ કરીને રહેણાંકના મકાનો માટે બનતા લીવ એન્ડ લાયસન્સ - એટલે કે ભાડા કરાર ઉપરાંત દુકાનો અને મોટા મોલ ભાડે લેવા માટે થતા એરીમેન્ટના કારમાં ૧૦૦ ટકાનો વધારો કર્યો છે. સરકારે કરેલા આ સ્ટેમ્પના ભાવ વધારામાં ભાડે રાખનાર વ્યક્તિને મોંઘવારીમાં વધુ માર વાગ્યો છે.

રહેઠાણ માટે ૧ એપ્રિલ પહેલા ૩૦૦ રૂપિયાનો સ્ટેમ્પ પેપર ઉપયોગમાં લેવાતો હતો, સાથે સાથે કોમર્શિયલ મિલક્તો માટે પણ ૩૦૦નો જ સ્ટેમ્પ વપરાતો હતો. એડવોકેટ અશ્વિન જોગડીયાએ જણાવ્યું હતું કે, સરકાર દ્વારા આર્ટીકલમાં સુધારો કરીને સ્ટેમ્પ પેપર માટે નવો આર્ટીકલ-૩૦ બહાર પાડ્યો છે. જેમાં રહેણાક અને કોમર્શિયલ માટેના સ્ટેમ્પ પેપરમાં સીધો ૪ અનેકગણો વધારો કરી દેવાયો છે. એટલે કે રહેણાંક માટે રૂ.૫૦૦નો સ્ટેમ્પ જ્યારે કોમર્સિયલ માટે રૂા.૧૦૦૦નો સ્ટેમ્પ ફરજીયાત કરી દેવાયો છે. પરંતુ મુંઝવણ એ વાતની છે કે, વ્યક્તિ જ્યારે સ્ટેમ્પ પેપર લેવા જાય ત્યારે તેઓ આર્ટિકલ નક્કી કરીને લીવ એન્ડ લાયસનસનો વિકલ્પ પસંદ કરે છે ત્યારે ૫૦૦ અને ૧૦૦૦ના સ્ટેમ્પ પેપર આવતા જ નથી. રહેણાંક માટે સીધા જ રૂા.૭૦૦ અને કોમર્શિયલ માટે રૂા.૧૪૦૦નો




સ્ટેમ્પ આવતો હોવાથી ભાડે રાખનાર વ્યક્તિએ ના છૂટકે પણ નક્કી કરેલા સ્ટેમ્પ પેપર કરતા વધારાનો ચાર્જ ચૂકવવો પડે છે. આ બાબતે વકીલો દ્વારા પણ અસંમજસની સ્થિતિ ઊભી થઈ છે કે, ખરેખર ૫૦૦નો સ્ટેમ્પ કે પછી ૭૦૦નો સ્ટેમ્પ વાપરવો. આ મુંજવણ અંગે સરકાર દ્વારા યોગ્ય ખુલાસો કરવામાં આવે તેવી પણ માંગ કરાઈ રહી છે.

# ઉતરપ્રદેશ અને હિમાચલ પ્રદેશમાં વાવાઝોડા અને કમોસમી વરસાદે તબાહી મચાવી

**મુખ્ય સમાચાર,લખનૌ**

એક બાજુ દેશમાં ગરમી કાળો કેર મચાવી રહી છે ત્યારે ઉતરપ્રદેશ અને હિમાચલ પ્રદેશમાં વાવાઝોડા અને કમોસમી વરસાદે તબાહી મચાવી છે. ઉતરપ્રદેશમાં ગઈકાલે ભારે વરસાદ અને વાવાઝોડાના કારણે ૧૧ લોકોના મોત થયા છે. આ ઘટનાઓ રામનગરી અયોધ્યા સહિત બારાબંકી અને અમેઠી જિલ્લામાં પણ બની હતી. અનેક લોકો ઘાયલ થયા હતા. તો હિમાચલ પ્રદેશમાં પણ વાવાઝોડા અને કહેર મચાવ્યો છે. બુધવારે વાવાઝોડાએ એક મહિલા અને એક બાળકનો જીવ લીધો હતો. હવામાન વિભાગે આજે અને કાલે ભારે વરસાદ અને કરાવૃષ્ટિનું ઓરેંજ એલર્ટ આપ્યું છે. ઉતરપ્રદેશમાં વાવાઝોડા વરસાદથી ૧૧ના મોતઃ યુપીમાં ગઈકાલે અચાનક આવેલા વાવાઝોડા અને વરસાદથી અવધમાં ૧૧ લોકોના મોત થયા હતા. આ ઘટનાઓ રામનગરી અયોધ્યા, બારાબંકી, અમેઠી જિલ્લામાં બની હતી. વાવાઝોડાને કારણે દીવાલ, છાપરા અને વૃક્ષો ધરાશાયી થયા હતા.

આ ઘટનાઓને પગલે સીએમ યોગીએ અધિકારીઓને સખ્ત નિર્દેશ આપ્યા છે કે અસરગ્રસ્ત પરિવારોને મળીને તેમને તાત્કાલિક રાહત પહોંચાડવામાં આવે, સાથે સાથે અધિકારીઓ અસરગ્રસ્ત ક્ષેત્રમાં ભ્રમણ કરે. અયોધ્યામાં અલગ અલગ દુર્ઘટનામાં પાંચ મહિલાના મૃત્યુ થયા છે અને અડધો ડઝન લોકો ઘાયલ થયા છે. અમેઠી જિલ્લામાં વીજળી પડવાથી એક મહિલાનું મોત થયું હતું. કમોસમી વરસાદ અને વાવાઝોડાને કારણે માર્ગો પર અનેક વૃક્ષો ધરાશાયી થયા હતા. જેના કારણે વાહન વ્યવહાર, વીજ વ્યવહાર ખોરવાઈ ગયો હતો. ખેતીના ખાસ કરીને ઘઉંના પાકને નુકસાન થયું છે.

**બારાબંકીમાં પાંચના મોતઃ** યુપીમાં અવધ ક્ષેત્રમાં ગુરુવારે સાંજે અચાનક વાવાઝોડા, વરસાદ અને કરાવૃષ્ટિથી છાપરા, દીવાલ અને વૃક્ષો ધરાશાયી થયા હતા. જેના કારણે પાંચ લોકોના મોત નિપજયા હતા.

યુપીમાં અવધ ક્ષેત્રમાં વરસાદ, વાવાઝોડુ અને કરાવૃષ્ટિથી સર્જાયેલી તબાહીને લઈને જિલ્લાના અધિકારીઓને રાહતકાર્ય સંચાલીત કરવાના આદેશ આપ્યા છે.

**હિમાચલમાં વાવાઝોડાએ મચાવ્યો કહેરઃ બેના મોતઃ** હિમાચલ પ્રદેશમાં



બુધવારની રાત્રે આવેલા વાવાઝોડાએ મોટી તબાહી મચાવી હતી. જેના કારણે હમીરપુરમાં વૃક્ષ પડવાથી ૮ વર્ષના બાળક અને સિરમોર જિલ્લામાં એક મહિલાનું મોત થયું હતું. અનેક લોકો ઘાયલ થયા હતા. અનેક ઘરોને નુકસાન થયું છે અને વીજ પુરવઠો ખોરવાઈ ગયો છે.

હવામાન વિભાગે ૧૮ અને ૧૯ એપ્રિલે ભારે વરસાદ અને કરાવૃષ્ટિનું ઓરેંજ એલર્ટ જાહેર કર્યુ છે. હમીરપુર જિલ્લાના બડસરમાં મજુરોની ઝુંપડી પર વૃક્ષ ધરાશયી થવાથી ૮ વર્ષના બાળક અને બલઢાડાના ચરયાચી ગામમાં છત તૂટી પડતા મહિલાનું મૃત્યુ નિપજયું હતું.

# રાજકોટમાં ઈલેક્ટ્રિક સિટી બસના ડ્રાઈવરો અચાનક હડતાલ પર

**મુખ્ય સમાચાર,રાજકોટ**

બે દિવસ પહેલા શહેરના સર્કલ પાસે ઈલેક્ટ્રીક સીટી બસ દ્વારા ચાર નિર્દોષ લોકોને ભોગ લેવાયા બાદ તંત્ર દ્વારા એજન્સી સહિત ડ્રાઈવર અને કંડકટર પર કડક પગલાં લેવા ચીમકી અપાયા બાદ આજે તેના વિરોધમાં શહેરન ઈલેક્ટ્રીક બસના ડ્રાઈવર અને કંડકટર હડતાલ પર ઉતરી ગયા હતા



બસ સર્વિસ અંતર્ગત ઈલે. બસ તથા ડ્રાઈવર્સના ફીટનેસ સટીફીકેટ રજુ કરવા અંગ મનપાએ એજન્સીને નોટિસ ફટકારી છે . વિશ્વમ સિટી બસ ઓપરેશન પ્રા. લી. દ્વારા સીટી બસ ઓપરેશન અંતર્ગત સપ્લાય કરવામાં આવતી ઈલે. બસ દ્વારા ગત તા.૧૬ના રોજ રાજકોટ શહેરના ઈન્દીરા સર્કલ ખાતે થયેલ ગમખ્વાર અકસ્માતમાં કુલ જનાગરિકોના અવસાન થયેલ તથા અન્ય ૪ (ચાર) નાગરિકો ગંભીરપ્રકારે ઈજાગ્રસ્ત થયેલ. ઈન્દીરા સર્કલ ખાતે કરાયેલ અકસ્માતની ગંભીરતાને ધ્યાને લઈ ભવિષ્યમાં આ પ્રકારની ઘટનાનું પુનરાવર્તન ન થાય તથા રાજકોટ શહેરના નાગરિકોની જાન-માલની સુરક્ષા જળવાઈ રહે તે હેતુથી સાવચેતીના પગલાના ભાગરૂપે તમોની હાલમાં કાર્યરત તમામ ઈલે. બસના ફીટનેસ સટીફીકેટ તથા તમોના હાલમાં કાર્યરત ડ્રાઈવરોના ફીઝીકલ ફીટનેસ સર્ટીફીકેટ દિવસ-૩ માં અત્રેને બીનચૂક રજુ કરવા અંગે નોટિસ ફટકારવામાં આવતા આજે સવારથી જ ઈલેક્ટ્રીક બસના પૈડા થંભી ગયા હતા . ડ્રાઈવર કંડક્ટર એ માગ કરી હતી કે તેઓ વિરુદ્ધ કોઈ પગલાં લેવામાં ન આવે.

# વીમા પ્રીમિયમમાં ૧૦%નો વધારો ફક્ત નવી પોલિસીઓ પર જ લાગશે

## વરિષ્ઠ નાગરિકો માટે આરોગ્ય વીમા અંગે નિયમનકારે સ્પષ્ટતા કરી

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

ઈન્સ્યોરન્સ રેગ્યુલેટરી એન્ડ ડેવલપમેન્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (ઈરડીએઆઈ) એ સ્પષ્ટતા કરી છે કે, વરિષ્ઠ નાગરિકો માટે સ્વાસ્થ્ય વીમા પ્રીમિયમમાં વાર્ષિક ૧૦% વધારાની મર્યાદા આ વર્ષે ૩૧ જાન્યુઆરી પછી ફાઈલ કરાયેલી અથવા પુનઃપ્રાઈસની પોલિસી પર જ લાગુ થશે. આ નિયમ અગાઉની નીતિઓને લાગુ પડતો નથી. પ્રાપ્ત થતી માહિતી અનુસાર, આ સ્પષ્ટીકરણ વીમા કંપનીઓના આ નવા નિયમના અમલીકરણ અંગે માર્ગદર્શન માંગતી અનેક પ્રશ્નોના પગલે આવે છે. આ નિયમ ૬૦ વર્ષ અને તેથી વધુ ઉંમરના પોલિસીધારકોને પ્રીમિયમમાં ભારે વધારાથી બચાવવા માટે બનાવવામાં આવ્યો છે.ઈરડીએઆઈ કહે છે કે, વૃદ્ધોની આવક મર્યાદિત છે અને આ લોકો પ્રીમિયમમાં વધારાથી વધુ પ્રભાવિત થાય છે. ૩૧ જાન્યુઆરી પહેલા જારી કરવામાં આવેલી પોલિસી પર પ્રીમિયમ ૧૦% થી વધુ વધી શકે છે. તે ૬૦% સુધી પણ વધી શકે છે. આ પ્રીમિયમ દાવા અનુસાર નક્કી કરવામાં આવે છે. સ્વાસ્થ્ય વીમા પોલિસીની કિંમતો સામાન્ય રીતે દર બે-ત્રણ વર્ષે સુધારવામાં આવે છે અને જૂની પોલિસીઓ પાંચ-છ વર્ષ પછી બંધ કરવામાં આવે છે. વીમા કંપનીના એક અધિકારીએ કહ્યું કે જો જૂની પોલિસીની કિંમતો ફરીથી નક્કી કરવામાં ન આવે તો તેનું પ્રીમિયમ ૧૦ ટકાથી વધુ વધી શકે




છે. જોકે ઈરડીએઆઈએ આ સંબંધમાં કોઈ સત્તાવાર નિવેદન આપ્યું નથી, પરંતુ વીમા કંપનીઓને કહેવામાં આવ્યું છે કે, આ નિયમ ત્યારે જ લાગુ થશે જ્યારે પોલિસીની કિંમતો ફરીથી નક્કી કરવામાં આવશે. ઉદાહરણ તરીકે, જો પોલિસીની કિંમત છેલ્લે જાન્યુઆરી ૨૦૨૫માં નક્કી કરવામાં આવી હતી. તો આગલી વખતે આ નિયમ ૨૦૨૮માં લાગુ થશે. ઈરડીએઆઈના ૩૦ જાન્યુઆરીના પરિપત્રમાં માત્ર સુધારાઓનો ઉલ્લેખ છે, જે કેટલીક અસ્પષ્ટતા પેદા કરે છે. તે જ સમયે, રેગ્યુલેટરે બીજો નિયમ બનાવ્યો છે જે મુજબ પોલિસી બંધ કરતા પહેલા રેગ્યુલેટર પાસેથી મંજૂરી લેવી પડશે. આનાથી પોલિસીધારકો, ખાસ કરીને વૃદ્ધો, લાંબા ગાળાના કવરને ગુમાવતા અટકાવશે.

# સરકાર આગામી ૧૫ દિવસમાં નવી ટોલ નીતિ રજૂ કરશે

## ભારતની ટોલ વસૂલાત પ્રણાલીમાં ક્રાંતિ લાવી શકે છેઃ નીતિન ગડકરી

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

ટૂંક સમયમાં દેશમાં હાઈવે મુસાફરીનો અનુભવ સંપૂર્ણપણે બદલવા જઈ રહ્યો છે. ટોલ પ્લાઝા પર લાંબી લાઈનો, ફાસ્ટેગની ખામી અને સમયના બગાડથી રાહત આપવા માટે કેન્દ્ર સરકાર હવે સેટેલાઈટ આધારિત ટોલ સિસ્ટમ શરૂ કરવા જઈ રહી છે. કેન્દ્રીય માર્ગ પરિવહન મંત્રી નીતિન ગડકરીએ તેનો સંકેત આપ્યો હતો કે સરકાર આગામી ૧૫ દિવસમાં નવી ટોલ નીતિ રજૂ કરશે, જે ભારતની ટોલ વસૂલાત -ણાલીમાં ક્રાંતિ લાવી શકે છે.

પ્રાપ્ત વિગતો અનુસાર સરકાર જે નવી ટોલ સિસ્ટમ વિશે વાત કરી રહી છે તેનું નામ ગ્લોબલ નેવિગેશન સેટેલાઈટ સિસ્ટમ છે. આ એક ઋઙજ-આધારિત સિસ્ટમ છે, જેમાં સેટેલાઈટની મદદથી વાહનનું સ્થાન ટ્રેક કરવામાં આવશે અને તેના આધારે, નિદ્રતિ અંતર અનુસાર ટોલ ફી સીધી બેંક ખાતામાંથી કાપવામાં આવશે. આનો અર્થ એ થયો કે હવે ટોલ પ્લાઝા પર રોકાવાની જરૂર રહેશે નહીં. ઋઅજળફલ સિસ્ટમમાં પણ રોકડ ચુકવણીને બદલે ડિજિટલ પેમેન્ટનો જ સમાવેશ થાય છે, તેમ છતાં ટોલ પ્લાઝા પરથી પસાર થતી વખતે વાહનને રોકવું પડે છે. ઘણી વખત, આના પરિણામે લાંબી કતારો લાગે છે. તે જ સમયે ઋગજજ સિસ્ટમ વર્ચ્યુઅલ ટોલ બૂથ દ્વારા કાર્ય કરે છે. આમાં, વાહનના ટ્રેક કરેલા અંતર



અનુસાર ટોલની ગણતરી કરવામાં આવે છે અને ચુકવણી સીધી બેંક ખાતામાંથી કરવામાં આવે છે. ભારતમાં ૨૦૧૬માં ફાસ્ટેગ સિસ્ટમની શરૂઆત કરવામાં આવી હતી, જે છઋઈઉ ટેકનોલોજી પર આધારિત છે. જોકે, તેના સંચાલનમાં ગયા વર્ષે અસંખ્ય મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો - જેમ કે વધુ પડતો ટ્રાફિક, ટેગ સ્કેનિંગમાં ટેકનિકલ ખામીઓ અને ટેગના દુરુપયોગના કિસ્સાઓ. આ સમસ્યાઓના કારણે, સરકાર હવે એક સ્માર્ટ અને સચોટ ટોલ ટેક્સ કલેક્શન-ણાલી તરફ આગળ વધી રહી છે. આથી તેમણે આ નવી સિસ્ટમ રજૂ કરી છે. આ સિસ્ટમ ૧ એપ્રિલ, ૨૦૨૫ થી લાગુ થવાની હતી, પરંતુ કેટલાક ટેકનિકલ અને વહીવટી કારણોસર તેને મુલતવી રાખવામાં આવી હતી.

# જામનગરનો ભવ્ય ભુજીયો કોઠો લઈ રહ્યો છે નવા રંગરૂપ

**મુખ્ય સમાચાર,જામનગર**

આજે વર્લ્ડ હેરીટેજ ડે છે ત્યારે આજે જાણીએ જામનગરના ભુજીયો કોઠા વિશે. જામનગરના ભવ્ય ઐતિહાસિક વારસા સમાન ભુજીયો કોઠો નવા રંગરૂપ ધારણ કરી રહ્યો છે. જામ રણમલજી બીજાના શાસનકાળ દરમિયાન દુષ્કાળ સમયે પ્રજાને રોજગારી આપવાના હેતુથી આ કોઠાનું નિર્માણ કરવામાં આવ્યું હતું.

ઈ.સ. ૧૮૩૯થી ૧૮૫૨ દરમિયાન ૧૩ વર્ષના સમયગાળામાં બંધાયેલા આ કોઠાની ઊંચાઈ ૧૩૭ ફૂટ છે, જે તે સમયે સૌરાષ્ટ્રની સૌથી ઊંચી ઈમારત હતી. કોઠાના નિર્માણ પાછળ ચાર લાખ પચીસ હજાર કોરીનો ખર્ચ થયો હતો. પાંચ માળની આ ભવ્ય ઈમારતનો ઉપયોગ પહેલિયોગ્રાફીથ પ્રકારના સંદેશા મોકલવાના કેન્દ્ર તરીકે થતો હતો. ૬૬ પગથિયાં ચડીને પ્રથમ માળે પહોંચી શકાય છે. કોઠામાં સિંહદ્વાર, કાષ્ઠ થાંભલાની હાર, મકરાકૃતિ કમાનો અને ડાયમંડથી સુશોભિત રંગમંડપ આવેલા છે.

હાલમાં રૂ.૨૩ કરોડના ખર્ચે આ ૧૭૩ વર્ષ જૂના સ્મારકનું નવીનીકરણ થઈ રહ્યું છે. આ કામગીરીમાં ઉપરના ત્રણ માળનું રી-પ્રોડક્શન, સ્ટોન સ્ટેરનું રેસ્ટોરેશન, બારી-દરવાજાનું કન્સોલિડેશન અને આધુનિક સુવિધાઓ ઉમેરવાનો સમાવેશ થાય છે.

માનવામાં આવે છે કે જામનગર અને ભુજના રાજાઓ ભાઈઓ હતા, જેમણે લગભગ ૩૦૦ કિમી દૂર પોતાના રાજ્યો સ્થાપ્યા હતા. ભુજિયો કોઠો કદાચ જામનગરથી ભુજ જવાના ગુપ્ત માર્ગનું પ્રવેશદ્વાર હતો, જેના કારણે તેનું નામ ભુજિયો કોઠો પડ્યું હોવાનું મનાય છે.

ભુજીયા કોઠાના રેસ્ટોરેશનની કામગીરી હાલ ચાલુ છે. પ્રથમ તબક્કાનું કામ જુન-૨૦૨૫ પહેલા પૂર્ણ થઈ જશે. તથા બીજા તબક્કાનું કામ અંદાજે વર્ષ ૨૦૨૫ના અંતમાં પૂર્ણ થશે તેમ જામનગર મહાનગરપાલિકાના આસિસ્ટન્ટ કમિશનર ભાવેશ જાનીએ જણાવ્યું છે.

આપણી ભવ્ય વિરાસતોની જાળવણી અને રક્ષણ કરવું એ દરેક નાગરિકની ફરજ છે. વિશ્વ ધરોહર દિવસની ઉજવણીનો મુખ્ય હેતુ વિશ્વભરની ઐતિહાસિક ઈમારતો, સ્મારકો અને પુરાતત્ત્વીય સ્થળોને બચાવવાનો છે. જેથી કરીને આવનારી પેઢીઓ માટે આ વારસાને સાચવી શકીએ. આ દિવસનો ઉદ્દેશ્ય વિશ્વની વિરાસત અને વિવિધતાને લોકો સુધી પહોંચાડવાનો છે. વર્લ્ડ હેરિટેજ ડે ના દિવસે લોકોને વારસા વિશે જાગૃત કરવામાં આવે છે. જેથી કરીને ઐતિહાસિક સ્થળોને સુરક્ષિત કરી શકાય. વિશ્વ ધરોહર દિવસ દર વર્ષે ૧૮ એપ્રિલે ઉજવવામાં આવે છે.

પ્રથમ વખત ૧૯૬૮માં, એક આંતરરાષ્ટ્રીય સંસ્થાએ વિશ્વભરની પ્રખ્યાત ઈમારતો અને પ્રાકૃતિક સ્થળોની સુરક્ષાનો પ્રસ્તાવ મૂક્યો હતો. જેને સ્ટોકહોમમાં યોજાયેલી આંતરરાષ્ટ્રીય પરિષદમાં પસાર કરવામાં આવ્યો. તે પછી યુનેસ્કો વર્લ્ડ હેરિટેજ સેન્ટરની સ્થાપના કરવામાં આવી. તે સમયે, ૧૮ એપ્રિલ ૧૯૭૮ના રોજ, આ દિવસને વિશ્વ હેરિટેજ દિવસ તરીકે ઉજવવાનું શરૂ કરવામાં આવ્યું હતું. બાદમાં ૧૮ એપ્રિલ ૧૯૮૨ના રોજ, ટ્યુનિશિયામાં ઈન્ટરનેશનલ કાઉન્સિલ ઓફ મોન્યુમેન્ટ્સ એન્ડ સાઈટ્સે પ્રથમ વિશ્વ ધરોહર દિવસની ઉજવણી કરી હતી. તેના એક વર્ષ પછી, નવેમ્બર ૧૯૮૩માં, યુનેસ્કોએ મેમોરિયલ ડેને પવર્લ્ડ હેરિટેજ ડેથ તરીકે ઉજવવાની જાહેરાત કરી હતી. ગુજરાતના ૪ સહીત ભારતમાં ૪૩ વિશ્વ ધરોહર સ્થળો છે, જેમાંથી ૩૫ સાંસ્કૃતિક છે, ૭ કુદરતી સ્થળો છે અને ૧ મિશ્રિત શ્રેણી છે.



# મોરબીના તબીબ ડો. મનિષ સનારિયાએ ફેલોશિપ ઈન પીડિયાટ્રીક ન્યુટ્રિશન તથા અપડેટેડ પીડિયાટ્રીક વેક્સિનેશન કોર્સ પૂર્ણ કર્યો

(અહેવાલ: જયેશ બોખાણી)

મોરબી શહેરના તબીબો દ્વારા વિવિધ વિષયો પર સંશોધન તેમજ નવીનીકરણ કરવામાં આવી રહ્યું છે. મેગાસિટી જેવી તબીબી સેવાઓ મોરબી શહેરમાં ઉપલબ્ધ બની છે ત્યારે મોરબીની સ્પર્શ બાળકોની હોસ્પિટલવાળા તબીબ ડો.મનીષ સનારિયા દ્વારા બોસ્ટન યુનિવર્સિટી-યુ.એસ.એ.માંથી પીડિયાટ્રીક ન્યુટ્રિશન કોર્સ તેમજ મેડવાર્સિટીમાંથી ફેલોશિપ ઈન પીડિયાટ્રીક ન્યુટ્રિશન કોર્સ પૂર્ણ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત અપડેટેડ પીડિયાટ્રીક વેક્સીનેશન કોર્સ પણ તેમના દ્વારા પૂર્ણ કરવામાં આવ્યો છે. બોસ્ટન યુનિવર્સિટી યુ.એસ.એ. માંથી પિડીયાટ્રીક ન્યુટ્રીશન કોર્સ કરનાર મોરબીનાં સૌપ્રથમ તબીબ તરીકેનું બિરુદ મેળવી ડો.મનીષ સનારિયાએ સમગ્ર મોરબી જિલ્લાને ગૌરવ અપાવ્યું છે. તેમણે નેશનલ અને ઈન્ટરનેશન કોન્ફરન્સમાં વિવિધ વિષયો પર પેપર પ્રેઝેન્ટેશન રજૂ કરી આ પદવી હાંસલ કરી છે. જેમાં પીડિયાટ્રીક મેટાબોલિક હેલ્થ એન્ડ કાર્ડિયોવાસ્ક્યુલર ફંક્શન- બાળકોમાં ચયાપચયની ક્રિયા, તેમની વૃદ્ધિ તથા હૃદયસંબંધી આરોગ્યના મુદ્દાઓની સમજણ, ગટ હેલ્મુદ્દાઓની પીડિયાટ્રીકડીયાટ્રીક ઈમ્યુનોલોજી- બાળકોના આંતરડાના જીવાણુઓ, રોગપ્રતિકારક શક્તિના વિકાસ તથા બંનેના આંતરસંબંધી પરિપ્રેક્ષ્યની ચર્ચા, પીડિયાટ્રીક ગેસ્ટ્રોઈન્ટેસ્ટિનલ હેલ્થ- પાચનતંત્ર સંબંધી સમસ્યાઓ તથા આરોગ્યપ્રદ પાચન માટે જરૂરી ખોરાકની વ્યાખ્યા, જરૂરી પોષક તત્વો, આહાર માર્ગદર્શિકા, નવજાત શિશુની સંભાળ તથા પોષણ, બ્રેસ્ટ ફીડિંગ તથા તેના વિકલ્પો, વિશિષ્ટ શિશુસંભાળ



પદ્ધતિઓ, ટોડલર ન્યુટ્રિશન, પીડિયાટ્રીક ક્લિનિકલ એસેસમેન્ટ સહિતના વિષયો પર આંતરરાષ્ટ્રીય સ્તરે મોરબીના તબીબ ડો. મનીષ સનારિયા દ્વારા પ્રેઝેન્ટેશન આપવામાં આવ્યું હતું. સમગ્ર મોરબીમાં પ્રથમ તબીબ તરીકે આ સિદ્ધિ પ્રાપ્ત કરવા બદલ ડો.મનીષ સનારિયા પર ચોમેરથી શુભેચ્છાઓ પાઠવવામાં આવી રહી છે.

# જામનગર શહેરમાં મકાનમાં જુગાર રમતા સાત પત્તાપ્રેમી ઝડપાયા



જામનગરના ગોકુલનગર પાણાખાણમાં આવેલા એક મકાનમાં જામેલી જુગારની મહેફિલ પર એલસીબીએ દરોડો પાડતા જુગાર રમાડતો શખ્સ અને ગંજીપાના કૂટતા છ શખ્સ ઝડપાઈ ગયા છે. રોકડ, મોબાઈલ, બાઈક મળી કુલ રૂ.૧,૬૭,૪૭૦નો મુદ્દામાલ કબજે કરી લેવાયો છે.જામનગરના ગોકુલનગર પાણાખાણ વિસ્તારમાં એક મકાનમાં જુગાર રમાતો હોવાની એલસીબીના મયુદ્દીન, અરજણભાઈ,ધર્મેન્દ્રસિંહને બાતમી મળતા પીઆઈ વી.એમ. લગારીયા ની સૂચનાથી. પાણાખાણની શેરી નં.૧માં નારણભાઈ વેજાણંદભાઈ ડેર ઉર્ફે ભીખા આહિરના મકાનમાં દરોડો પડાયો હતો.આ મકાનમાં નારણભાઈને નાલ આપી ગંજીપાના વડે જુગાર રમતા વનરાજ સવસી પારજીયા, રમેશ બાબુભાઈ મકવાણા, ભીખુભાઈ પોલાભાઈ ડાંગર, સંજય બાબુભાઈ તરાવીયા, અજય ભીખુભાઈ જડાલીયા, ગોવિંદ નાથાભાઈ રાઠોડ નામના છ શખ્સ મળી આવ્યા હતા.પટમાંથી રૂ.૮૦૪૮૦ રોકડા, સાત મોબાઈલ, એક બાઈક મળી રૂ.૧૬૭૪૭૦નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે. સાતેય સામે સિટી સી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં જુગારધારાની કલમ ૪, ૫ હેઠળ ગુન્હો રજીસ્ટર કરાવવામાં આવ્યો છે.

# મોરબી: બલેનો કારમાંથી ૨૫૦ લીટર દેશી દારૂ સાથે બે આરોપીને બી ડિવિઝન પોલીસે દબોચી લીધા

## દેશી દારૂની હેરાફેરીમાં મહિલા બુટલેગરનું નામ ખુલ્યું



મોરબી શહેરના બી ડિવિઝન પોલીસ મથક વિસ્તારમાં પૂર્વ બાતમીને આધારે પોલીસે એક બલેનો કારમાં દેશી દારૂની હેરાફેરી કરતા બે ઈસમોને ઝડપી લેવામાં આવ્યા છે, બી ડિવિઝન પોલીસે કારમાંથી ૨૫૦ લીટર દેશી દારૂનો જથ્થો તથા કાર સહિત ૩.૫૦ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો છે, જ્યારે પકડાયેલ બન્ને ઈસમોની પૂછતાછમાં આ ગોરખ ધંધામાં સંડોવાયેલ મહિલા બુટલેગરના નામની કબુલાત આપતા, પોલીસે તેને વોન્ટેડ જાહેર કરી આગળની તપાસ ચલાવી છે. મોરબી સીટી બી ડિવિઝન પોલીસ મથકમાં પીઆઇ એન.એ.વસાવાની રાહબરી હેઠળ સર્વેલન્સ સ્ટાફ પેટ્રોલીંગમા હોય તે દરમ્યાન કોન્સ. સિધ્ધરાજસિંહ ઝાલા તથા ધર્મેન્દ્રસિંહ ઝાલાને મળેલ ખાનગી હકીકતના આધારે આરોપી વિશાલભાઇ હરખાભાઇ ઝીઝવાડીયા ઉવ.૨૦ રહે, પાણીની ટાંકી પાસે જેતપર ગામ તા.જી.મોરબી તથા આરોપી કિશનભાઈ રમેશભાઇ મકવાણા ઉવ.૨૦ રહે. વીસીપરા મદીના સોસાયટી બિલાલી મસ્જીદ પાસે વાળા બે આરોપીઓને પોતાના હવાલાવાળી સફેદ કલરની બલેનો ફોર વ્હિલર ગાડી રજી.નં. જીજે-૩૬-એપી-૫૦૦૩ વાળીમાં દેશી દારૂનો જથ્થો લીટર ૨૫૦ જેની કિ.રૂ.૫૦,૦૦૦/-તથા બલેનો ફોર વ્હિલર ગાડીની કિ.રૂ.૩,૦૦,૦૦૦/- મળી કુલ કિ.રૂ.૩,૫૦,૦૦૦/- નો મુદ્દામાલ પકડી પાડી કાયદેશરની કાર્યવાહી કરેલ છે. આ સાથે બંને આરોપીઓની પ્રાથમિક પૂછતાછમાં મહિલા આરોપી યાસ્મીન ઉર્ફે આરતી સંજયભાઇ અગેચણીયા રહે. શોભેશ્વર સોસાયટી જુના ઘુટુ રોડ મોરબી-૨ વાળીનું નામ ખુલતા તેને બી ડિવિઝન પોલીસે ફરાર દર્શાવી ત્રણેય આરોપીઓ વિરુદ્ધ પ્રોહી.એક્ટ હેઠળ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# મોરબી સિવિલ હોસ્પિટલ ખાતે અજાણ્યા યુવાનનું સારવાર દરમિયાન મૃત્યુ, પોલીસે ઓળખ મેળવવા તજવીજ હાથ ધરી



મોરબી તાલુકા પોલીસ સ્ટેશનમાં અ.મોતની નોંધ હેઠળ એક અજાણ્યા પુરૂષના મૃત્યુ અંગે નોંધ કરાઈ છે. મળતી માહિતી મુજબ આશરે ૩૨ વર્ષના યુવાન (રાહુલભાઈ વિજયભાઈ ઉ.વ. ૩૨ વર્ષ)નો તા. ૧૭ એપ્રિલ, ૨૦૨૫ના રોજ સવારે આશરે ૮:૪૦ કલાક પહેલા મોરબી સરકારી હોસ્પિટલમાં સારવાર દરમિયાન મૃત્યુ થયેલ છે. મૃતક પુરૂષે મોઢા પર ઘાટી દાઢી તથા મૂછ રાખેલી છે, મોઢું લંબગોળ છે અને તેણે લીલા રંગની શર્ટ તથા કાળા રંગનું ફોર્મલ પેન્ટ પહેરેલુ હતું. લાશનું પોસ્ટમોર્ટમ મોરબી સરકારી હોસ્પિટલ ખાતે કરવામાં આવ્યું છે અને ઓળખ માટે હાલ તે લાશ કોલ્ડસ્ટોરેજમાં રાખવામાં આવેલી છે. મોરબી તાલુકા પોલીસે મૃતક યુવાનની ઓળખ મેળવવા માટે જનતામાં અપીલ કરી છે કે જો કોઈ વ્યક્તિ આ યુવાનને ઓળખતું હોય તો તાત્કાલિક મોરબી તાલુકા પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા વિનંતી કરી છે. તપાસનીશ એ.એસ.આઈ. એસ.વી. સોલંકી (મો.નં. ૯૮૨૫૩ ૩૪૬૩૩) દ્વારા હાથ ધરવામાં આવી રહી છે.

# ગેસ કટીંગના ગુન્હામાં ૬ માસથી વોન્ટેડ આરોપીને ટીંબડી પાટિયા નજીકથી પકડી લેતી તાલુકા પોલીસ



મોરબી તાલુકા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ ગેસ કટીંગના ગુન્હામાં છેલ્લા છ માસથી નાસતા-ફરતા આરોપીને શહેરના ટીંબડી પાટિયા નજીકથી દબોચી લેવામાં આવ્યો છે, જેમાં તાલુકા પોલીસ ટીમ દ્વારા પૂર્વ બાતમીને આધારે રાજસ્થાની આરોપીને ઝડપી લઈ હસ્તગત કરી આગળની ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે. મોરબી તાલુકા પોલીસ સ્ટેશનમાં બી.એન.એસ કલમ ૩૧૬(૩), ૩૧૭(૨) હેઠળ નોંધાયેલ ગેસ કટિંગના ગુનામાં આરોપી સુનિલકુમાર રીડમલરામ બિશ્નોઈ રહે-જમ્બા કી ઢાળી જી-ફલોદી(જોધપુર) રાજસ્થાન વાળાને છેલ્લા છ માસથી નાસતો-ફરતો હોય જેને શોધી કાઢવા તાલુકા પોલીસ મથક પીઆઇ એસ.કે.ચારેલના સીધા માર્ગદર્શન હેઠળ કોન્સ.અજયભાઈ રાયધનભાઈ લાવડીયા તથા વિજયભાઈ નાથાભાઈ ડાંગરને ખાનગીરાહે બાતમી મળી કે ઉપરોક્ત આરોપી સુનિલકુમાર બીશ્નોઈ હાલ મોરબીના ટીંબડી પાટીયા પાસે હોય જેથી મળેલ બાતમી મુજબની જગ્યાએ તપાસ કરતા આરોપી મળી આવતા તેની અટક કરી ધોરણસરની કાર્યવાહી કરવામાં આવી છે.

# જામનગરના દક્ષિણ વિધાનસભા વિસ્તારના ધારાસભ્યએ જનતાના દરવાજે ઉપસ્થિત રહી લોકોના પ્રશ્નો સાંભળ્યા



જામનગરના ૭૯- દક્ષિણ વિધાનસભા વિસ્તારના ધારાસભ્ય દિવ્યેશ અકબરી દ્વારા પોતાના વિધાનસભા વિસ્તારમાં વસવાટ કરતા નાગરિકોના પ્રશ્નોને વાચા આપવા માટેના પજનતાની સેવા માટે જનતા ના દરવાજેથ શીર્ષક હેઠળ ના પ્રકલ્પનો આજથી જ પ્રારંભ કરી દેવામાં આવ્યો છે, અને સ્થાનિક નાગરિકોની વચ્ચે ઉપસ્થિત રહી તેઓના પ્રશ્નોને વાચા આપવા માટેના પ્રયાસો કર્યા છે. ત્યારે તેઓની સાથે વોર્ડ નંબર ૧૬ ના સ્થાનિક કોર્પોરેટર પાર્થભાઈ કોટડીયા, ગીતાબા જાડેજા તથા ભારતીબેન ભંડેરી, વોર્ડ પ્રમુખ-મહામંત્રી,કાર્યકર્તાઓ વગેરે પણ જોડાયા હતા, અને સ્થાનિક નાગરિકોના પ્રશ્ન ને સાંભળી તેની વિશેષ નોંધ લીધી હતી. સૌ પ્રથમ વોર્ડ નંબર ૧૬ ના નાગરિકો માટે સવારે ૯.૩૦ વાગ્યાથી બપોરે ૧૨.૩૦ વાગ્યા સુધી સાધના કોલોની વિસ્તારમાં આવેલા સિધ્ધનાથ મહાદેવના મંદિરે જલારામ મંદિર પાસે.આયોજન કરવામાં આવ્યું હતું.જેમાં ઉપરોક્ત વિસ્તારના નાગરિકોએ હાજર રહી ને પોતાના પ્રશ્નો અંગે ધારાસભ્ય દિવ્યેશ અકબરી સમક્ષ રજૂઆત કરી હતી. જેમાં કેટલાક પ્રશ્નોનું નિરાકરણ તો ધારાસભ્ય દિવ્યેશ અકબરી દ્વારા સ્થળ પર કરાવી દેવામાં આવ્યું હતું, જ્યારે અન્ય કેટલાક પ્રશ્નોને સાંભળીને તેનું વહેલી તકે નિરાકરણ લાવવા માટેની ખાતરી પણ આપી હતી. જેથી સ્થાનિક લોકોએ સંતોષ વ્યક્ત કર્યો હતો. આ વેળાએ સ્થાનિક કોર્પોરેટરો પણ જોડાયા હતા, અને તેઓએ તમામ મુદ્દાની નોંધ લીધી હતી.

# જામનગરમાં ભાજપનું વિરોધ પ્રદર્શન

જામનગર શહેરમાં નેશનલ હેરાલ્ડ કેસમાં કથિત ભ્રષ્ટાચારના વિરોધમાં ભાજપે આજે મોટું વિરોધ પ્રદર્શન કર્યું હતું. ભાજપના કાર્યકરોએ શહેર કાર્યાલયથી લાલ બંગલા સર્કલ સુધી રેલી યોજી હતી.લાલ બંગલા સર્કલ ખાતે કાર્યકરોએ સૂત્રોચ્ચાર કર્યા હતા. ત્યારબાદ કોંગ્રેસના નેતાઓ રાહુલ ગાંધી અને સોનિયા ગાંધીના પૂતળાનું દહન કરવામાં આવ્યું હતું.આ વિરોધ પ્રદર્શનમાં ધારાસભ્ય રિવાબા જાડેજા, શહેર ભાજપ પ્રમુખ મીનાબેન કોઠારી, ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત ભાજપ સંગઠનના મહામંત્રી અને અન્ય પદાધિકારીઓએ પણ કાર્યક્રમમાં ભાગ લીધો હતો.ભાજપના નેતાઓએ આરોપ મૂક્યો હતો કે નેશનલ હેરાલ્ડ કેસમાં કોંગ્રેસના શીર્ષ નેતાઓએ ભ્રષ્ટાચાર આચર્યો છે. આ મુદ્દે તેમણે ન્યાય માટે આ વિરોધ પ્રદર્શન કર્યું હતું.





# કચ્છથી ટ્રકમાં કતલખાને લઈ જવાતા ૫૦ અબોલ જીવોને બચાવી લેતા ગૌરક્ષકો

**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબી નજીક વિશ્વ હિન્દુ પરિષદ અને ગૌરક્ષક દળ ગુજરાત રાજ્યને મળેલી ચોક્કસ બાતમીના આધારે, કચ્છથી જામનગર તરફ કતલખાને લઈ જવામાં આવતાં જીવો ભરેલી ટ્રકનો ફિલ્મી ઢબે પીછો કરી, ટ્રકને રોકી અંદરથી ૫૦ ભેંસ વર્ગના પાડાને બચાવીને રાજકોટ પાંજરાપોળ ખાતે મોકલવામાં આવ્યા હતા. ત્યારે આરોપી ટ્રક ચાલક અને ટ્રકને જોડીયા પોલીસ સ્ટેશનમાં સોંપતા, પોલીસે આરોપી ટ્રક ચાલક વિરુદ્ધ પશુ પ્રત્યે ઘાતકીપણું પ્રતિબંધ અધિનિયમ હેઠળ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

ગઈકાલ તા. ગુરુવારના વહેલી સવારના સમયે મોરબી વિશ્વ હિન્દુ પરિષદ તથા બજરંગ દળને મળેલી ચોક્કસ બાતમીના આધારે, કચ્છ તરફથી એક ટ્રકમાં મોટી સંખ્યામાં જીવોને કતલ માટે લઈ જવામાં આવી રહ્યા હોવાની માહિતી મળી હતી. જે બાતમીને આધારે મોરબી, કચ્છ અને અન્ય જીલ્લાઓના ગૌરક્ષકો વોચમાં બેઠા હતા. ત્યારે કચ્છ તરફથી ટ્રક નંબર જીજે-૧૨-એએચ-૮૬૪૫ માળીયા પાસેથી પસાર થતી હતી. તેને અટકાવવાનો પ્રયાસ કરતા, ટ્રક-ડ્રાઈવરે ટ્રકને ઝડપથી ભગાડવાનો પ્રયાસ કર્યો હતો, ત્યારે તેનો પીછો કરી ટ્રકને જોડીયા તાલુકાના વાલંભા ફાટક પાસે તેને રોકવામાં સફળતા મળી. જ્યારે ટ્રકની અંદર તપાસ કરતા ૫૦ જેટલા ભેંસ વર્ગના પાડા મળી આવ્યા હતા. જેઓને ટૂંકા દોરડા વડે બાંધીને હલી ચલી ના શકે એવી રીતે બાંધેલા હતા. ત્યારે પકડાયેલ ટ્રક ચાલકની પૂછપરછ કરતા, આ જીવોને કચ્છના કનૈયા વિસ્તારમાંથી ભરીને જામનગરના કાલાવડ વિસ્તારમાં કતલખાને લઈ જવામાં આવી રહ્યા હતા. જેથી મોરબી વિશ્વ હિન્દુ પરિષદના પ્રમુખ કે.બી. બોરીચા અને ગુજરાત રાજ્ય ગૌરક્ષક દળ દ્વારા જોડીયા પોલીસ સ્ટેશનમાં ટ્રક તથા આરોપીઓ વિરુદ્ધ ફરિયાદ નોંધાવવામાં આવી છે. આ તમામ જીવોને બચાવીને રાજકોટ



પાંજરાપોળમાં રાખવામાં આવ્યા હતા. આ સફળ રેડ માટે મહત્વનો સહયોગ આપનાર સંસ્થા અને વ્યક્તિઓમાં મોરબી વિશ્વ હિન્દુ પરિષદ-બજરંગ દળ, ગુજરાત રાજ્ય ગૌરક્ષક દળ, કચ્છ ગૌરક્ષક જીવદયા, રાજકોટ ગૌરક્ષક જીવદયા, વિરમગામ, લીમડી અને ચોટીલા ગૌરક્ષક જીવદયા સંગઠનોના ભાઈઓએ સહયોગ આપ્યો હતો.

# ટંકારા પોલીસે તેરા તુજકો અર્પણ કાર્યક્રમ અંતર્ગત ૮ ખોવાયેલા મોબાઈલ શોધી અરજદારોને પરત આપ્યા



ટંકારા પોલીસ સ્ટેશન દ્વારા નતેરા તુજકો અર્પણથ કાર્યક્રમ અંતર્ગત ઈઊઈઇ પોર્ટલ તથા હ્યુમન સોર્સની મદદથી ૮ જેટલા ખોવાયેલા મોબાઈલ ફોન શોધી કાઢવામાં આવ્યા છે, જેની અંદાજિત કિંમત રૂ. ૧,૪૩,૪૯૭/- છે. આ મોબાઈલ ફોન અધિકારીઓની હાજરીમાં અરજદારોને પરત આપી, પોલીસ પ્રજાની મિત્ર છે તે સૂત્ર સાર્થક કર્યું છે. મોરબી જીલ્લાના પોલીસ અધિક્ષક રાહુલ ત્રિપાઠીના નિર્દેશ અને નાયબ પોલીસ અધિક્ષક એસ.એચ. સારડાના માર્ગદર્શન હેઠળ પ્રજાકલ્યાણ માટે અસરકારક કામગીરી હાથ ધરવા ઝુંબેશ શરૂ કરવામાં આવી છે. આ અન્વયે, ટંકારા પોલીસ સ્ટેશનના પીઆઈ કે.એમ. છાસિયાના સુપરવિઝન હેઠળ, અરજદારોના ખોવાયેલા અને ચોરાયેલા મોબાઈલ ફોન શોધવા માટે સૂચના આપવામાં આવી હતી. જે અનુસંધાને પો.હેડ કોન્સ્ટેબલ દશરથસિંહ રણજીતસિંહ ચાવડા તથા હરપાલસિંહ મનહરસિંહ ઝાલાએ ઈઊઈઇ પોર્ટલમાં મોબાઈલ નમ્બરોની એન્ટ્રી કરીને સતત મોનીટરીંગ રાખી ટેક્નિકલ વર્કઆઉટ તથા હ્યુમન ઈન્ટેલિજન્સના આધારે કામગીરી હાથ ધરી, કુલ ૮ મોબાઈલ ફોન જેની કુલ કિંમત રૂ.૧,૪૩,૪૯૭/- થાય છે, તે સફળતાપૂર્વક શોધી કાઢી, મોબાઈલના માલિકોને પરત કરી પોલીસ-પ્રજા વચ્ચે વિશ્વાસનો પુલ બાંધવાનું કાર્ય કરાયું છે.

# મોરબી મનપા દ્વારા ફાયર સેફ્ટીની જાગૃતિ માટે ખાસ અભિયાન : શહીદ અગ્નિવીરોને શ્રદ્ધાંજલિ અપાઈ

**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબી મહાનગરપાલિકા કમિશનરના આદેશ હેઠળ ફાયર સેફ્ટી જાગૃતિ સપ્તાહ ઉજવાયો હતો.

૮ એપ્રિલથી ૧૪ એપ્રિલ સુધી યોજાયેલા કાર્યક્રમોમાં ૬ હોસ્પિટલના ૩૧ સ્ટાફ અને ૨ શાળાના ૧૩૦ વિદ્યાર્થીઓ-સ્ટાફને ફાયર પ્રિવેન્શનની ટ્રેનિંગ આપવામાં આવી હતી. આ સાથે જીલ્લામાં ૧૧ આગના બનાવોમાં ફાયર સ્ટાફે ઝડપી કાર્યવાહી કરી હતી, આ ઉપરાંત ૧૪ એપ્રિલે નેશનલ ફાયર સર્વિસ દિવસે શહીદ ફાયર યોદ્ધાઓને શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી.

મોરબી મહાનગરપાલિકાની અગ્નિશમન શાખા દ્વારા ૮ એપ્રિલ થી ૧૪ એપ્રિલ સુધી કમિશનરના આદેશ અન્વયે મોરબી મહાનગરપાલિકા વિસ્તારમાં આવેલ હોસ્પિટલો પૈકી ૬ હોસ્પિટલમાં ૩૧ હેલ્થ કેર સ્ટાફને તથા સ્કૂલો પૈકી ૨ સ્કુલમાં ૧૩૦ વિદ્યાર્થી તથા સ્ટાફને ફાયર પ્રિવેન્શનની ટ્રેનિંગ, પ્રિવેન્શનને લગતી સૂચનો અને જરૂરી સમજુતી આપવામાં આવી હતી. આ સિવાય જીલ્લામાં ૧૧ આગના બનાવ બનેલ જેમાં ફાયર બ્રિગેડ સ્ટાફ દ્વારા તાત્કાલિક બનાવના સ્થળે પહોંચી આગ પર કાબુ મેળવવામાં આવેલ હતો. તેમજ તા. ૧૪/૦૪/૨૦૨૫ સોમવારના રોજ નેશનલ ફાયર સર્વિસ દિવસ નિમિતે મોરબી મહાનગરપાલિકાના ફાયર સ્ટેશન ખાતે શહીદ-વીરોને શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી.

ફાયર ટ્રેનિંગ અને ફાયર પ્રિવેન્શનનો મુખ્ય ઉદેશ્ય મહાનગરપાલિકા વિસ્તારમાં આવેલ મોરબી હોસ્પિટલ/સ્કુલ તથા કોલેજો, હોટલોમાં ફાયર સેફટી વિષે માહિતગાર કરવા, ફાયર સાધનોનો યોગ્ય ઉપયોગ કરવા તેમજ કોઈ પણ ઈમરજન્સી વખતે તાત્કાલિક ધોરણે અગ્નિશમન શાખાનો સંપર્ક કરી નાની-મોટી દુર્ઘટના અથવા કોઈ જાન-હાનિ કે પછી કોઈ મોટી આપદા ને નિવારી શકાય અને જાન-માલને બચાવી શકાય તે છે. શહેરમાં કોઈ દુર્ઘટના કે બનાવ બને મોરબી ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસ શાખાના ફોન નં.-૦૨૮૨૨ ૨૩૦૦૫૦ અને ૧૦૧ પર સંપર્ક કરવા યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# ભગવતીપરામાં ૪૪ દુકાન, ૧૫ મકાન અને જુદી-જુદી કમ્પાઉન્ડ વોલનું દબાણ દૂર કરાયું

## ટાઉન પ્લાનિંગ શાખાએ ૭૦૦.૨૮ ચો.મી. જગ્યા ખુલ્લી કરાવી

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકાએ હવે દબાણ હટાવ ઝુંબેશ શરૂ કરી છે અને તેના ભાગરૂપે બુધવારે ઈસ્ટ ઝોનમાં રામાપીર ચોકડી પાસે દબાણ દૂર કરવા ઓપરેશન હાથ ધર્યા બાદ ગુરુવારે ઈસ્ટ ઝોન કચેરીએ ભગવતીપરામાં મેગા ઓપરેશન હાથ ધરી ટી.પી.ના પ્લોટ અને રોડમાં ખડકાયેલા ગેરકાયદે દુકાનો, મકાનો અને જુદી-જુદી કમ્પાઉન્ડ વોલ તથા પ્લીન્થનું દબાણ દૂર કર્યું હતું.

મનપાના સત્તાવાર સૂત્રોએ જણાવ્યા અનુસાર મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરાના આદેશ અનુસાર તથા સિટી એન્જિનિયર. એમ.આર. શ્રીવાસ્તવના માર્ગદર્શન હેઠળ ગુરુવારે પૂર્વ ઝોનમાં વોર્ડ નં.૪માં આવેલા ભગવતીપરા ૧૮.૦૦ મીટર ટી.પી.રોડ ઉપર ગેરકાયદે ખડકાયેલા દબાણો દૂર કરવા કાર્યવાહી કરવામાં આવી હતી. જેમાં ૪૪ જેટલી દુકાનનું દબાણ દૂર કરી ૪૨૯.૩૨ ચો.મી. જમીન ખુલ્લી કરાવાઈ હતી. જ્યારે ૧૫ જેટલા ગેરકાયદે મકાન તોડી પાડી ૨૩૦.૬૮ ચો.મી. તથા જુદી-જુદી જગ્યાએ કમ્પાઉન્ડ વોલ તથા પ્લીન્થનું દબાણ દૂર કરી ૪૦.૨૮ ચો.મી. જમીન ખુલ્લી કરાવાઈ હતી.

આ ડિમોલિશનમાં ટાઉન પ્લાનિંગ શાખા પૂર્વ ઝોનના તમામ સ્ટાફ



તથા રોશની શાખા, દબાણ હટાવ શાખા, સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ શાખા, ફાયર અને ઈમર્જન્સી વિભાગ, બાંધકામ શાખા તથા કાયદો અને વ્યવસ્થા જળવાય રહે તે માટે વિજિલન્સ શાખાનો સ્ટાફ સ્થળ પર હાજર રહ્યો હતો.

# ગોંડલના રીબડા ગામે ઈન્ડસ્ટ્રીઝ એરિયામાં કારખાનામાંથી થયેલી ચોરીનો ભેદ ઉકેલાયા

## ગોંડલ તાલુકા પોલીસે ગણતરીની કલાકોમાં જ મુદ્દામાલ સાથે ત્રણ શખ્સોને દબોચી લઈ રૂપિયા ૩.૧૦ લાખનો મુદ્દામાલ કબજે કર્યો

**મુખ્ય સમાચાર, ગોંડલ**

ગોંડલના રીબડા ગામે આવેલ ઈન્ડસ્ટ્રીઝ એરિયામાં કારખાનાઓમાંથી ચોરીના બનાવો વધ્યા હોવાનું બહાર આવ્યું હોય જેના પગલે ગોંડલ તાલુકા પોલીસે કારખાનામાં થયેલી ચોરી બાબતે રીક્ષામાં ત્રણ શખ્સોને ચોરવ મુદ્દા માલ સાથે દબોચી લઈ ગણતરીની કલાકોમાં કારખાનામાં થયેલી ચોરીનો ભેદ ઉકેલ નાખ્યો છે

આ અંગેની માહિતી મુજબ રીબડા ગામે આવેલ સમૃદ્ધિ ઈન્ડસ્ટ્રીઝ ઝોનમાં ગંગા ફોરજી નામના કારખાનામાં કોઈ અજાણ્યા ક્ષત્રિય પ્રવેશ કરી ચોરી કરી ગયા અને ફરિયાદ ગોંડલ તાલુકા પોલીસમાં નોંધાયા બાદ એએસઆઇ કુંદનભાઈ હેડ કોસ્ટેબલ ધર્મેન્દ્રસિંહ તથા ભુપતભાઈ તથા જીતેન્દ્રભાઈ તથા રમેશભાઈ તથા રવિરાજસિંહ અને રંજીતભાઈ ધાંધલ સહિતનો સ્ટાફ ગ્રામ્ય વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા તે દરમિયાન ચોક્કસ બાતમીના આધારે રીબડાના ઈન્ડસ્ટ્રીઝ એરિયામાં કારખાનામાં થયેલી ચોરી નો મુદ્દામાલ વેચવા કેટલાક સક્ષો નીકળ્યા હોવાની હકીકતના આધારે ભોજપરા ગામના પાટિયા પાસે સીએનજી રીક્ષા નંબર લષ ૩ બઠ્ઠ ૬૨૭૭ અને એક બાઈક માં ત્રણ શખ્સો નીકળતા પોલીસે તેની અટકાયત કરી પૂછપરછ કરતા તેનું નામ મુન્ના લાખા વાળા રહે રાજકોટ




કોઠારીયા રોડ શીતળાધાર ૨૫ વારીયા પ્લોટ તથા સંજય સગરામ પરમાર અને ગોવિંદ ઉર્ફે તોતળો રમેશ પરમાર નામના ત્રણેય શકશોની ધડ પકડ કરી રિક્ષામાંથી જોડાવું મુદ્દામાલ સહિત કુલ રૂપિયા ૩.૧૦ લાખમાં મુદ્દા માલ કબજે કરી રીબડાના ઈન્ડસ્ટ્રીઝ એરિયામાં કારખાનામાંથી થયેલી ચોરીનો ભેદ ઉકેલ નાખ્યો હતો

# શહેર કોંગ્રેસે સીટી બસ દુર્ઘટનાના મૃતકોને કેન્ડલ માર્ચ યોજી આપી શ્રદ્ધાંજલિ






(તસ્વીરઃ આનંદ જાવિયા)

રાજકોટ શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા તાજેતરમાં સીટી બસ દુર્ઘટનામાં ચાર વ્યક્તિના થયેલા મોત અંગે સવારે કમિશનરને આવેદનપત્ર આપ્યા બાદ બનાવના સ્થળે યુનિવર્સિટિ રોડ પર ઈન્દિરા સર્કલ કેન્ડલ માર્ચ દ્વારા મૃતકોને ભાવભરી શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી. જે કાર્યક્રમમાં રાજકોટ શહેર કોંગ્રેસ પ્રમુખ અતુલ રાજાણી, પૂર્વ ધારાસભ્ય ઈન્દ્રનીલ રાજગુરુ, રાજકોટ મહાનગરપાલિકા વિરોધ પક્ષના નેતા વશરામભાઈ સાગઠીયા, ડો. હેમાંગભાઇ વસાવડા, જશવંતસિંહ ભટ્ટી, દીપ્તિબેન સોલંકી, ગાયત્રીબા વાઘેલા, સંજયભાઈ અજુડીયા, કનકસિંહ જાડેજા, પ્રવીણભાઈ કાકડીયા, હરભમભાઈ મોઢવાડિયા, નવનીતભાઈ ચૌહાણ, નયનાબા જાડેજા, પ્રતિમાબેન વ્યાસ, કલ્પેશભાઈ કુંડલીયા, અશોકસિંહ વાઘેલા, નરેન્દ્રભાઈ સોલંકી, આદિત્યસિંહ ગોહિલ, હરપાલ સિંહ જાડેજા, ભાવેશભાઈ બોરીચા, તુષારભાઈ નંદાણી, યુનુસભાઈ જુણેજા, સલીમભાઈ કારિયાણી, સંજયભાઈ લાખાણી, કૃષ્ણદત્તભાઈ રાવલ, નાગજીભાઈ વિરાણી, લાખાભાઈ ઊંઘાડ, ડી.પી મકવાણા, હેમલ પેશીવાડીયા, દિનેશભાઈ માલકીયા, ચિંતનભાઈ દવે, ગેલાભાઈ મુછડીયા, અજીતભાઈ વાંક, ગૌરવભાઈ પુજારા, હબીબભાઈ કટારીયા, મહેન્દ્રસિંહ જાડેજા, ગજેન્દ્રસિંહ ઝાલા, દિલીપભાઈ આસવાણી, જીતુભાઈ ઠાકર, અમિતભાઈ ઠાકર, શાંતાબેન મકવાણા, મકસુદભાઈ ચાવડા, જગદીશભાઈ ડોડીયા, ગિરીશભાઈ પટેલ, નિલેશભાઈ મારુ, રમેશભાઈ તલાટીયા, નિલેશભાઈ વિરાણી, જગદીશભાઈ સખીયા, પ્રફુલાબેન ચૌહાણ, હિરલબેન રાઠોડ, કિંજલબેન જોશી, બિંદિયાબેન તન્ના, જયાબેન ટાક, જયાબેન ચૌહાણ, મેરૂનબેન કુરેશી, પુનમબેન રાજપૂત, કલાબેન રાઠોડ, જશુબેન વાંક, સરોજબેન રાઠોડ, વિજયાબેન, લક્ષ્મીબેન સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

# ફરી એકવાર રાજકોટ રાજયનું સૌથી ગરમ શહેર : ૪૨.૯ ડિગ્રી

## અમરેલીમાં ૪૨.૫, અમદાવાદમાં ૪૧.૮, ભુજમાં ૪૧.૪ ડિગ્રી તાપમાન



**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ સહિત રાજયનાં ગરમીનો પ્રકોપ હજુ યથાવત રહેવા પામ્યો છે. ગઈકાલે ફરી છ સ્થળોએ ૪૦થી૪૩ ડીગ્રી સુધીનું તાપમાન નોંધાવા પામ્યુ હતું. સૌથી વધુ ગરમી ૪૨.૯ ડિગ્રી સાથે રાજકોટ ખાતે નોંધાવા પામી હતી.

તેમજ અમદાવાદ ખાતે ૪૧.૮, અમરેલીમાં ૪૨.૫, ભુજમાં ૪૧.૪, ડિસામાં ૪૦.૨ અને ગાંધીનગરમાં ૪૧ ડિગ્રી મહતમ તાપમાન નોંધાવા પામ્યુ હતું. જયારે જામનગરમાં ભર ઉનાળે તાપમાનમાં વધઘટનો દૌર ચાલી રહ્યો છે ત્યારે મહતમ તાપમાનમાં આંશિક ઘટાડા સાથે ગરમીનો પારો ૩૬ ડિગ્રીએ પહોંચ્યો હતો. આથી લોકોએ બપોરે આકરા તાપનો અનુભવ કર્યો હતો. તો તીવ્ર પવનના કારણે રાત્રીના લોકો ઠંડકનો અનુભવ કરી રહ્યા છે. લઘુતમ તાપમાન સતત બીજા દિવસે ૨૩.૫ ડિગ્રી નોંધાયુ હતું. પવનની ગતિ ૧૧.૪ કી.મી. પ્રતિકલાક રહી હતી.

આથી રાત્રીથી સવાર સુધી લોકોએ ઠંડકનો અનુભવ કર્યો હતો. વાતાવરણમાં ભેજનું પ્રમાણ આંશિક ઘટીને ૮૩ ટકા રહ્યું હતું. આથી ગરમી સાથે બફારાનું જોર વધતા લોકોની મુશ્કેલી બેવડાઈ હતી. લો-પ્રેસર અને અન્ય સિસ્ટમના કારણે મહતમ તાપમાનમાં ઘટાડો થયો હતો.

# ઉનાળામાં તેલિબિયાં, કઠોળના પાકમાં રોગ-જીવાતના ઉપદ્રવનું નિયંત્રણ કરવાના ઉપાયો

## જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના તરઘડીયા કેન્દ્ર દ્વારા કૃષિસલાહો જારી

**આલેખનઃ સંદીપ કાનાણી**

રાજકોટ તા. ૧૭ એપ્રિલ - ઉનાળો હવે રંગ બતાવી રહ્યો છે અને ગરમી વધી રહી છે. આ સિઝનમાં તેલિબિયાં, કઠોળના પાકમાં વિવિધ રોગ-જીવાતનો ઉપદ્રવ થતો હોય છે. જેનું નિયંત્રણ કઈ રીતે કરી શકાય, તેની સામાન્ય સલાહો જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના તરઘડીયા કેન્દ્ર દ્વારા જારી કરવામાં આવી છે, જે ખેડૂત ભાઈઓ માટે ખૂબ ઉપયોગી છે.

ઉનાળુ તેલિબિયા પાક મગફળીમાં હાલ ફુલ, સુયા બેસવા અને ડોડવા બંધાવાની અવસ્થા હોય છે. આ સમયે લીલી પોપટી, સફેદ માખીનો ઉપદ્રવ પાકમાં જોવા મળે છે. જેના નિયંત્રણ માટે લીંબોળીનું તેલ ૫૦ મિ.લિ. અથવા લીંબોળીના મિંજનું પાંચ ટકા અર્કનું દ્રાવણ ૫૦૦ મિ.લિ. અને ડાયફેનથાયુરોન ૧૫ ગ્રામ દવાને ૧૦ લીટર પાણીમાં મિશ્ર કરીને વારાફરતી છંટકાવ કરવો. મગફળીને નિંદામણ મુક્ત રાખવી. ઉનાળુ મગફળીને ફુલ, સુયા બેસવા અને ડોડવા બંધાવાની અવસ્થાએ પિયત આપવું. ગરમ અને વાદળવાળા હવામાનના કારણે મગફળીમાં લાલ પાન કથીરીના ઉપદ્રવની શક્યતા હોવાથી નિરિક્ષણ કરતા રહેવું. જો પાન કથીરીનો ઉપદ્રવ હોય તો પ્રોપરગાઈટ ૫૭ ઈ.સી. ૧૫ મિ.લિ. પ્રતિ ૧૦ લીટર પાણીમાં મિશ્ર કરીને છંટકાવ કરવો.

ઉનાળુ તેલિબિયા પાક તલમાં હાલ ફુલ તથા બઈઢાની અવસ્થા હોય છે. આ સમયમાં પાકમાં સફેદ માખીનો ઉપદ્રવ જોવા મળતો હોય છે. જેના નિયંત્રણ માટે લીંબોળીનું તેલ ૫૦ મિ.લિ. અથવા લીંબોળીના મિંજનું પાંચ ટકા અર્કનું દ્રાવણ ૫૦૦ મિ.લિ. અને એસીટામાપ્રીડ ૨૦ ટકા પાંચ ગ્રામ દવાને ૧૦ લીટર પાણીમાં મિશ્ર કરીને છંટકાવ કરવો. હાલની સ્થિતિમાં ઉનાળુ તલમાં બાંધનારી ઈયળનો ઉપદ્રવ થવાની શક્યતા હોવાથી નિરિક્ષણ કરતા રહેવું. જો ઉપદ્રવ વધુ હોય તો (પાંચ ઈયળ/૨૦ છોડ) તો કાર્ટેપ હાયડ્રો ક્લોરાઈડ ૫૦ ટકા એસ.પી. ૧૫ ગ્રામ ૧૦ લીટર પાણીમાં મિશ્ર કરી છંટકાવ કરવો. તલના પાકને જરૂરિયાત મુજબ પિયત આપવું. જમીનની પ્રત મુજબ, ૧૦-૧૨ દિવસના ગાળે પિયત આપવું. વધારે પ્રમાણમાં ટૂંકા અંતરે ભારે પિયત આપવા નહીં. ક્યારાની પછાટે પાણી લાંબો સમય ભરાય નહીં તેનું ધ્યાન રાખવું. જરૂર કરતા વધારે ભેજથી તલમાં સુકારો અને કાળીયો રોગ આવવાની શક્યતા રહે છે.

કઠોળના પાકની વાત કરીએ, તો ઉનાળુ મગ તથા અડદમાં હાલ વૃદ્ધિનો તબક્કો હોય છે. જેમાં થ્રીપ્સ અને સફેદ માખીનો ઉપદ્રવ જોવા મળતો હોય છે. જેના નિયંત્રણ માટે લીંબોળીનું તેલ ૫૦ મિ.લિ. અથવા લીંબોળીના મિંજનું પાંચ ટકા અર્કનું દ્રાવણ ૫૦૦ મિ.લિ. અને ડાયફેનથાયુરોન ૧૫ ગ્રામ દવા અથવા પ્રોફેનોફોસ ૩૦ મિ.લિ. અથવા લેમ્બ્ડા સાયહેલોથ્રીન ૧૫ મિ.લિ. દવાને ૧૦ લીટર પાણીમાં મિશ્ર કરીને છંટકાવ કરવો.

# આર્ચી વૈષણવે પ્રદુષિત પાણીને ફિલ્ટર કરી કેમ તેનો વપરાશ કરી શકાય તેનો પ્રોજેક્ટ રજુ કર્યો

## જો પ્રોજેક્ટની અમલવારી થાય તો ગ્રામ્ય વિસ્તાર માટે આર્શીવાદ સમાન

**મુખ્ય સમાચાર,રાજકોટ**

તાજેતરમાં દિલ્હી ખાતે ઈજ્ઞમયદજ્ઞીરાષ્ટ્રીય કક્ષાની રોબોટિક સ્પર્ધાનું આયોજન કરાયું હતું.જેમાં આર્ચી વૈષ્ણવ, વરાન પરસાણા અને જહાન વિરડાએ રાષ્ટ્રીય કક્ષાએ રાજકોટનું પ્રતિનિધીત્વ કર્યું હતું. જેમાં આર્ચી વૈષ્ણવે ઓઝોન પ્યુરીફિકેશન પર આધારિત પ્રોજેકટ રજુ કર્યો હતો અને ફેકટરી તેમજ પ્રદુષિત પાણીને કેમ ફિલ્ટર કરી તેનો વપરાશ કરી શકાય તેની વિસ્તૃત છણાવટ કરી હતી. આમ આર્ચી વૈષ્ણવએ અમદાવાદ ખાતે રાજયકક્ષાએ પ્રથમ સ્થાન મેળવ્યું છે. તેમજ તેના આ પ્રોજેકટને રાષ્ટ્રીય કક્ષાએ દ્વિત્ય સ્થાન પ્રાપ્ત થયુ છે. જે રાજકોટ માટે ગૌરવની બાબત ગણાય.

રાજકોટ સહિત સૌરાષ્ટ્રમાં ખેતી એ મુખ્ય વ્યવસાય છે. ખાસ કરીને ઉનાળામાં પાણીની તંગીને કારણે આ સમયગાળામાં પાક નિષ્ફળ જાય છે અથવા તો લઈ શકાતો નથી. તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં પાણીના સ્ત્રોત ડુકી જાય છે. જેથી પીવાના પાણીની પણ અછત સર્જાઈ છે. ત્યારે જો આ પ્રોજેકટનું અમલીકરણ કરવામાં આવે તો ગ્રામ્ય કક્ષાએ ખેતી અને પીવાના પાણીની સમસ્યા મહદઅંશે હલ કરી શકાય. આ પ્રોજેકટને રાષ્ટ્રીય કક્ષાએ જ્યુરી મેમ્બરે વખાણ્યો હતો. જ્યારે વરાન પરસાણા અને જહાન વિરડાએ કાર્બન કેપ્ચર યુનિટનું વૈજ્ઞાનિક રીતે સમસ્યા કેમ ઉકેલી શકાય તેની છણાવટ કરતો પ્રોજેકટ મુક્યો હતો. જેને વિશિષ્ટ સ્થાન મળ્યું છે. આ બન્ને ટીમ રાષ્ટ્રીય કક્ષાએ ઉતિર્ણ થતા હવે તેઓ આંતરરાષ્ટ્રીય કક્ષાએ આયોજિત સ્પર્ધામાં ભાગ લેવા જાશે. આ સ્પર્ધા દોહા અને કતાર ખાતે યોજાશે. વિદ્યાર્થીઓને રાષ્ટ્રીય કક્ષાએ પ્રતિનિધીત્વ માટે ઈજ જઝઊખ કઅઇના પ્રિતેશ રાણવાએ અને તેની ટીમે તાલીમ આપી હતી. આમ, રાજકોટના વિદ્યાર્થીઓ અને શિક્ષક પ્રિતેશ રાણવાએ રાજકોટનું ગૌરવ વધાર્યું છે.




# જાહેર ફરિયાદોના નિવારણમાં પશ્ચિમ રેલ્વેના તમામ ડિવિઝનો માં રાજકોટ ડિવિઝન ટોચ પર

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ ડિવિઝન ફરી એકવાર તેના માનનીય ગ્રાહકોને શ્રેષ્ઠ સેવાઓ પૂરી પાડવામાં તેની ક્ષમતા સાબિત કરી છે. ડિવિઝનલ રેલ્વે મેનેજર અશ્વની કુમારના નેતૃત્વમાં રાજકોટ ડિવિઝન એ વર્ષ ૨૦૨૪-૨૫ દરમિયાન જાહેર ફરિયાદો ના નિવારણ માં પશ્ચિમ રેલ્વેમાં ટોચનું સ્થાન મેળવ્યું છે.

તાજેતરમાં મુંબઈમાં આયોજિત પશ્ચિમ રેલવે ના ૭૦મા રેલ સપ્તાહ એવોર્ડ સમારોહ દરમિયાન પશ્ચિમ રેલવે ના જનરલ મેનેજર શ્રી અશોક કુમાર મિશ્ર દ્વારા રાજકોટ ડિવિઝનલ રેલ્વે મેનેજર અશ્વિની કુમારને આ રેલ મદદ શિલ્ડ અર્પણ કરવામાં આવી હતી. આ પ્રસંગે રાજકોટ ડિવિઝન ના સિનિયર ડિવિઝનલ કોમર્શિયલ મેનેજર સુનિલ કુમાર મીના પણ હાજર રહ્યા હતા.

રાજકોટ ડિવિઝન દ્વારા ફરિયાદો ના નિવારણ ને હંમેશા ટોચ ની પ્રાથમિકતા આપવામાં આવે છે. આ ફરિયાદો રેલ મદદ એપ ના વિવિધ જાહેર ફરિયાદ પ્લેટફોર્મ પર દૈનિક ધોરણે પ્રાપ્ત થાય છે અને વિવિધ સ્તરે વરિષ્ઠ રેલવે અધિકારીઓ દ્વારા તેનું નજીકથી નિરીક્ષણ કરવામાં આવે છે. આ સતત પ્રયાસો ના પરિણામે, રાજકોટ ડિવિઝન ફરિયાદો નું ઝડપી નિવારણ કરવામાં સક્ષમ બન્યું છે અને તેના દ્વારા વર્ષ ૨૦૨૪-૨૫ માટે જાહેર ફરિયાદો ના નિવારણ માં પશ્ચિમ રેલવે ના તમામ ડિવિઝનો માં ટોચનું સ્થાન મેળવ્યું છે.

મુસાફરો રેલ મદદ એપ હેઠળ ઉપલબ્ધ વિવિધ માધ્યમો દ્વારા



તેમની ફરિયાદો નોંધાવી/ નોંધણી કરાવી શકે છે, જેમ કે સત્તાવાર સોશિયલ મીડિયા હેન્ડલ્સ, હેલ્પલાઈન નંબર ૧૩૯, સેન્ટ્રલાઈઝ્ડ પબ્લિક ગ્રીવન્સ રિડ્રેસલ એન્ડ મોનિટરિંગ સિસ્ટમ , મોબાઈલ એપ, વેબ, જખજ, ઈ-મેલ વગેરે.

નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ માટે રેલ મદદ દ્વારા પશ્ચિમ રેલવે માં કુલ ૨.૩૭ લાખ ફરિયાદો મળી હતી, જેમાંથી રાજકોટ ડિવિઝનમાં માત્ર ૫.૭% એટલે કે લગભગ ૧૨ હજાર ફરિયાદો મળી હતી. આ ફરિયાદો ના નિરાકરણ માં રાજકોટ ડિવિઝનનો સરેરાશ નિરાકરણ સમય ૨૨ મિનિટ હતો જે પશ્ચિમ રેલવે ના અન્ય કોઈપણ ડિવિઝનની તુલનામાં સૌથી ઓછો છે. ઉપરાંત, ઉત્તમ પ્રતિસાદ મેળવવામાં રાજકોટ ડિવિઝન પશ્ચિમ રેલવે માં ટોચ પર રહ્યું છે.

રાજકોટ ડિવિઝનલ રેલ્વે મેનેજર અશ્વિની કુમારે આ સિદ્ધિ બદલ એડિશનલ ડિવિઝનલ રેલ્વે મેનેજર કૌશલ કુમાર ચૌબે, સિનિયર ડિવિઝનલ કોમર્શિયલ મેનેજર સુનિલ કુમાર મીના, ડિવિઝનલ કોમર્શિયલ ઈન્સ્પેક્ટર (જાહેર ફરિયાદ) વિકાસ અધિયારુ અને રેલ મદદ રાજકોટની સમગ્ર ટીમને અભિનંદન આપ્યા અને ભવિષ્યમાં પણ આ જ ગતિ જાળવી રાખવા માટે પ્રોત્સાહિત કર્યા.

# રાજકોટના બાનું ઘર વૃધ્ધાશ્રમ દ્વારા મેડિકલ, કલીનીક અને લેબોરેટરીનો ઉદ્દઘાટન કાર્યક્રમ યોજાયો

## રાહતભાવે લેબોરેટરીમાં ટેસ્ટ, ઓપીડીનો લાભ દર્દીઓને મળી રહેશે

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટમાં માનવ કલ્યાણ મંડળ અને સમસ્ત પાટીદાર સમાજ સંચાલિત બાનું ઘર વૃદ્ધાશ્રમ દ્વારા તા.૧૮ એપ્રિલ ૨૦૨૫ શુક્રવારના રોજ માનવ મેડિકલ, માનવ ક્લિનિક અને માનવ લેબોરેટરીનો લોકાર્પણ સમારોહ યોજાનાર છે.

રાણી ટાવર શોપ નં.૧૦-૨૬, ક્રિસ્ટલ મોલની સામે, કાલાવડ રોડ, રાજકોટ ખાતે યોજાનાર આ કાર્યક્રમમાં મંત્રી રાઘવજીભાઈ પટેલ, કુંવરજીભાઈ બાવળીયા, રાજકોટના મેયર શ્રીમતી નયનાબેન પેઢડીયા, રાજકોટના સાંસદ પરશોત્તમભાઈ રૂપાલા, સાંસદ રામભાઈ મોકરીયા, ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા, ડો. દર્શિતાબેન શાહ, કોર્પોરેટર ચેતનભાઈ સુરેજા, દર્શનાબેન પંડ્યા સહિતના મહાનુભવો ઉપસ્થિત રહેશે.

નસ્ર તમામ નિરાધાર લોકો માટે તદ્દન નિશુલ્ક અને સર્વજ્ઞાતિ માટે રાહત દરે મેડિકલ ખાતેથી દવાઓ, લેબોરેટરી ખાતે તમામ પ્રકારના ટેસ્ટ અને ક્લિનિક ખાતે નિદાન કરવામાં આવશે. ક્લિનિકલ લેબોરેટરીમાં દર્દીઓને તદ્દન રાહતભાવે લોહીની પ્રાથમિક તપાસ, ડાયાબિટિસ, કીડનીરોગ, હોર્મોન તપાસ વગેરે ટેસ્ટ અત્યાધુનિક મશીનરી દ્વારા રાજકોટવાસીઓ નજીવાદરે મળી શકશે તેમજ આઈસીઓ એમ્બ્યુલન્સની સેવા પણ રાહત દરે ઉપલબ્ધ કરાવવામાં આવશે. આ સાથે જ ક્લિનિક ખાતે સુપર સ્પેશ્યલિસ્ટ ડોક્ટરો ફક્ત દસ રૂપિયા ચાર્જથી ઓપીડીમા દર્દીઓની તપાસ કરશે.

ઉલ્લેખનીય છે કે, જિલ્લા કલેક્ટર પ્રભવ જોશીના દિશાસૂચન હેઠળ જનજન સુધી આરોગ્યલક્ષી સુવિધાઓ વધુ સુદ્રઢ રીતે પહોંચે તે માટે નોંધપાત્ર કામગીરી કરવામાં આવી રહી છે. કલેક્ટરશ્રીના નેતૃત્વમાં જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોની દીકરીઓને આત્મનિર્ભર બનાવવા માટે રહેવા જમવાની વ્યવસ્થા સાથે નિઃશુલ્ક જનરલ ડ્યુટી આસિસ્ટન્ટ કોર્ષ પણ શરૂ કરવામાં આવ્યો છે. જે પૂર્ણ કરવાની સાથે જ દીકરીઓને નોકરીની ઉમદા તક પ્રાપ્ત થઈ છે. આ ઉપરાંત બાનુ ઘર વૃદ્ધાશ્રમ સંસ્થા દ્વારા હરતુ ફરતું દવાખાનુ, સાધન સહાય, સમાધાન પંચ વગેરે સેવાકીય પ્રવૃત્તિઓ કરવામાં આવે છે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# છાશ પીધા બાદ સાત બાળકો સહિત આઠને ફૂડ પોઈઝનની અસર : એક બાળકની હાલત ગંભીર







## શહેરના કુંબલીયાપરા અને ભવાનીનગર વિસ્તારની ઘટના, રાત્રે ગુંદાવાડી હોસ્પિટલમાં દર્દીઓ દાખલ થયા

**મુખ્ય સમાચાર,રાજકોટ**

શહેરના રામમનાથ પરા મંદિર, ભવાનીગર મેઈન રોડ અને કુબલીયા પરા સહિતના વિસ્તારોમાં બોલબાલા ટ્રસ્ટનું મહિલા મંડળે વિસ્તારમાં છાશ વિતરણ કર્યુ બાદ સમીસાંજે બાળકોને ફૂડ પોઈઝનની અસર થતા તાકિદે સારવાર અર્થે ગુંદાવાડી હોસ્પિ.માં ખસેડયા હતા.અને ઘટનાની જાણ થતા જ વોર્ડ નં ૭ના નગર સેવક તથા તેની ટીમો દોડી ગઈ હતી.

શહેરમાં વર્ષોથી લોકોની જઠરાગ્નિ ઠારતું બોલબાલા ચેરી.ટ્રસ્ટ હાલ શહેરમાં પડી રહેલા આકરા તાપના કારણે શહેરના છેવાડાના વિસ્તારોમાં જઈ છાશનું વિતરણ કરે છે. ગુરૂવારે સાંજે પાંચેક વાગ્યા આસપાસ બોલબાલા ટ્રસ્ટનું મહિલા મંડળ રામનાથપરા મંદિર, ભવાનીનગર મેઈન રોડ, કુબલીયાપરા સહિતના વિસ્તારોમાં છાશનું વિતરણ કર્યુ હતું.

બાદ સાંજે બાળકોને ઉલ્ટીઓ શરૂ થતા જ ગુંદાવાડી હોસ્પિ.માં ખસેડતા ફૂડ પોઈઝનની અસર થઈ હોવાથી છાશ પીધેલ છ બાળકોને વોર્ડ ઈમરજન્સી તેમજ એક બાળકની હાલત ગંભીર હોવાથી આઈસીયુમાં દાખલ કરવો પડયો હતો.જો કે ઘટનાની જાણ થતા જ વોર્ડ નં ૭ના નગર સેવક તથા તેની ટીમ દોડી ગઈ હતી. સારવાર હેઠળ જય રમેશભાઈ બાંભણીયા ઉ.૭, દિપાલી દિનેશભાઈ શીયાળ ઉ.૧૬, નમતા ધરમશીભાઈ ચૌહાણ ઉ.૨૧, જયરાજ હિતેશભાઈ જાડા ઉ.૧૦, હાર્દીક નરેન્દ્રભાઈ ભાટી ઉ.૬, હસુ નવીનભાઈ ચાવડા ઉ.૮, કિશન રાજુભાઈ ચાવડા ઉ.૧૨, રાજવી રોહિતભાઈ પરમાર ઉ.૪ સહિતના બાળકોને સારવાર હેઠળ રાખવામાં આવ્યા છે.

# કુવાડવા નજીક પેટ્રોલ પંપમાં પાંચ દિવસ પૂર્વે થયેલી મારામારીનો ખાર રાખી પિતા-પુત્ર પર હુમલો

**મુખ્ય સમાચાર રાજકોટ**

કુવાડવા ગામ નજીક આવેલા પેટ્રોલ પંપમાં પાંચ દિવસ પૂર્વે સીએનજી ગેસ પુરાવવા બાબતે ઝઘડો થયેલો જેનો ખાર રાખીને કારમાં ધસી આવેલા પિતા-પુત્ર સહિતના શખસોએ યુવક પર છરી અને ધોકા જેવા હથિયારો વડે હુમલો કર્યો હતો. બનવા અંગે પોલીસે ગુન્હો નોધી વધુ તપાસ હાથ ધરી છે.

આ બનવાની વિગતો મુજબ, રામપરા બેટી ગામે રહેતા ૨૫ વર્ષીય કિસન લાલદાસ દુધરેજીયાએ કુવાડવા પોલીસ મથકમાં આરોપી તરીકે મયુર બોસરિયા અને તેના પિતા રેવા બોસરિયા સહિતના અજાણ્યો શખસો સામે ફરિયાદ નોંધાવતા જણાવ્યું હતું કે, પાંચ દિવસ પહેલા કુવાડવા નજીક આવેલ પેટ્રોલ પંપ પર સીએનજી ભરાવવા બાબતે આરોપી સાથે ઝઘડો થયો હોય જે વાતના ખાર રાખી બુધવારે બપોરે ૪ વાગ્યા આસપાસ મિત્રો સાથે કારમાં એરપોર્ટથી રાજકોટ સાઈડ આવી રહ્યો હતો. ત્યારે પાછળથી બે કાર લઈને ધસી આવેલ આરોપીઓએ જલારામ હોટેલ પાસે તેની કાર રોકાવી હતી.

યુવકના મિત્રએ કાર ઉભી રાખતા જ આરોપીઓએ ધોકા છરી જેવા હથિયારો વડે હુમલો કર્યો હતો. મારામારી થતાં કિશન ભાગવા જતાં મયુરે તેને પકડી હાથમાં છરી ઝીંકી દીધી હતી. જેરી તેમની સાથે બીજા અજાણ્યા શખસોએ પણ ધોકા વડે હુમલો કર્યો હતો. બનવા અંગે કુવાડવા પોલીસે ગુન્હો નોધી વધુ તપાસ હાથ ધરી છે.

# વઢવાણ ભોગાવો નદીનાં ચેકડેમમાં ન્હાવા પડેલા બે તરૂણ ડુબ્યા

## ફાયર બ્રિગેડે મહામહેનતે લાશો શોધીઃ પરિવારમાં ભારે શોક



મુખ્ય સમાચાર વઢવાણ

વઢવાણ ભોગાવો નદીના ચેકડેમમાં ૨ કિશોર ન્હાવા પડતા ડૂબી ગયા હતા. જેની ફાયર ટીમને જાણ કરાઈ હતી. આથી સ્થળ પર પહોંચી શોધખોળ હાથ ધરી મૃતદેહ મળી આવ્યો હતો. આથી ગાંધી હોસ્પિટલમાં પીએમ અર્થે મોકલી આપી હતી. વઢવાણ શહેરના શનીદેવ મંદિર પાછળ ભોગાવો નદીના ચેકડેમમાં પાણી ભરેલું છે. તેમાં ૨ બાળક પડી ગયાનો બનાવ બન્યો હતો. આથી ફાયર વિભાગની ટીમ, તરવૈયાઓની ટીમ ઘટના સ્થળે જઈ તપાસ હાથ ધરી હતી. જ્યારે સ્થળ પર કોઈ ભાળ ન મળતા ઊંડે તપાસ તપાસ કરતા મૃતદેહ મળી આવ્યો હતો.

આ બાબતે વઢવાણ પોલીસ મથકે જાણ કરવામાં આવી હતી. પ્રાથમિક તપાસમાં આ બન્ને બાળકો જોરાવરનગરના રહીશ ૧૩ વર્ષીય સુમીતભાઈ ગોવિંદભાઈ રાઠોડ અને બીજા કિશોરનું નામ ૧૪ વર્ષીય તન્મય અશોકભાઈ ચૌહાણ હોવાનું બહાર આવ્યું હતું. જ્યારે વધુ તપાસમાં ૩ મિત્ર પાણીમાં ન્હાવા ગયા દરમિયાન ૨ મિત્ર ઊંડા પાણીમાં જતા ગરકાવ થઈ ગયાનું પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું હતું. જ્યારે બન્ને મૃતદેહ પીએમ અર્થે ગાંધી હોસ્પિટલ મોકલી વાલી વારસનો સંપર્ક કરી મૃતદેહ સોંપવા સહિત કાર્યવાહી હાથ ધરાઈ છે.

વઢવાણ શહેરના શનીદેવ મંદિર પાછળ ભોગાવો નદીના ચેકડેમમાં પાણી ભરેલું છે. તેમાં ૨ બાળક પડી ગયાનો બનાવ બન્યો હતો. આથી ફાયર વિભાગની ટીમ, તરવૈયાઓની ટીમ ઘટના સ્થળે જઈ તપાસ હાથ ધરી હતી. જ્યારે સ્થળ પર કોઈ ભાળ ન મળતા ઊંડે તપાસ તપાસ કરતા મૃતદેહ મળી આવ્યો હતો.

આ બાબતે વઢવાણ પોલીસ મથકે જાણ કરવામાં આવી હતી. પ્રાથમિક તપાસમાં આ બન્ને બાળકો જોરાવરનગરના રહીશ ૧૩ વર્ષીય સુમીતભાઈ ગોવિંદભાઈ રાઠોડ અને બીજા કિશોરનું નામ ૧૪ વર્ષીય તન્મય અશોકભાઈ ચૌહાણ હોવાનું બહાર આવ્યું હતું. જ્યારે વધુ તપાસમાં ૩ મિત્ર પાણીમાં ન્હાવા ગયા દરમિયાન ૨ મિત્ર ઊંડા પાણીમાં જતા ગરકાવ થઈ ગયાનું પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું હતું. જ્યારે બન્ને મૃતદેહ પીએમ અર્થે ગાંધી હોસ્પિટલ મોકલી વાલી વારસનો સંપર્ક કરી મૃતદેહ સોંપવા સહિત કાર્યવાહી હાથ ધરાઈ હતી.

સુરેન્દ્રનગર શહેરમાં ગરમીનો પણ ભારે સહકાર સર્જાયો છે અને ૪૫ ડિગ્રી જેટલું તાપમાન બપોરના સમયે થઈ જતું હોય છે ત્યારે આવા બાળકો પરિવારને જાણકારી આપ્યા વગર જ ચેક ડેમો ઉપર નવા માટે જતા હોય છે ત્યારે આવી ઘટનાઓ અવારનવાર અનેકવાર સામે આવતી હોય છે ત્યારે હાલમાં તો સુરેન્દ્રનગર શહેરના વઢવાણ ખાતે આ ઘટના બનવા પામી છે.

# પડધરી ચાની ફેકટરીમાં થયેલ ૭ લાખની ચોરીનો ભેદ ઉકેલાયોઃ શખ્સની ધરપકડ

## ભકિતનગર પોલીસે ચોરીની રોકડ સહીત ઝડપી પડધરી પોલીસને સોંપ્યો



**મુખ્ય સમાચાર રાજકોટ**

રાજકોટ-જામનગર હાઈવે પર તરધડી પાસે આવેલ ઉમિયા ટી નામની ચાની ફેક્ટરીમાં સ્ત્રીનો વેશ ધારણ કરી ફેક્ટરીમાં ઘુસેલા શખ્સે લોખંડની તિજોરીમાંથી સાત લાખ રોકડની ચોરી થઈ હતી. આ મામલે પોલીસ ફરિયાદ નોંધાઈ હોય બીજી તરફ ચોરીમાં સંડોવાયેલા શખ્સને રાજકોટ ભક્તિનગર પોલીસે ઝડપી લઈ સાત લાખ રોકડ કબ્જે કરી હતી. ઝડપાયેલા શખ્સે અગાઉ પણ ત્રણ ફેક્ટરીમાં ચોરી કર્યાનું ખુલ્યું છે

આ અંગેની મળતી વિગતો મુજબ રાજકોટના ૧૫૦ ફૂટ રીંગ રોડ ઉપર ગીરીરાજ હોસ્પિટલ પાસે સાંઈ નગર સોસાયટીમાં રહેતા રમણીકભાઈ વાલજીભાઈ સાણંદીયાએ નોંધાવેલી ફરિયાદ મુજબ તેમની રાજકોટ-જામનગર હાઈવે પર પડધરી નજીક તરધડી ગામ પાસે ઉમિયા ટી પ્રાઈવેટ લીમિટેડ નામની ફેક્ટરી આવેલી છે.ત્યાં ચાની ભૂકીનું પેકીંગ કરી વેચાણ કરે છે. ગત તા. ૧૪ના રોજ તેઓ ફેક્ટરીથી ઘરે આવ્યા બાદ સાંજે ઘરેહતા ત્યારે બીજા દિવસે સવારે ફેક્ટરીના એકાઉન્ટન્ટ નિકુંજભાઈનો ફોન આવ્યો હતો અને ઓફિસમાં ચોરી થયાનું જણાવ્યું હતું, રમણીકભાઈ તાત્કાલીક ફેક્ટરી ખાતે પહોંચ્યા હતા અને આ મામલે પોલીસને જાણ કરી હતી. પડધરી પોલીસ મથકના પીઆઈ સહિતનો સ્ટાફ પણ તરધડી નજીક આવેલ ઉમીયા ચાની ફેક્ટરી ખાતે દોડી ગયો હતો. ફેક્ટરીના અંદર તપાસ કરતા રમણીકભાઈની ઓફિસમાં બધી વસ્તુઓ વેરવિખેર હતી અને ઓફિસમાં ફીટ કરેલી તિજોરી કે જેમાં લોખંડની સાંગળી વડે કાઢી તેમાં રાખેલ રૂપિયા સાત લાખની રોકડ ચોરી થઈ હતી. સીસીટીવી ફૂટેજ ચેક કરતા જાણવા મળ્યુંકે, રાત્રે ૧૨ઃ૧૫ કલાકે એક શખ્સ ફેક્ટરીના તાર તોડીને અંદર પ્રવેશ્યો હતો અને રસોડાની બારી તોડીને અંદર ઘુસેલો આ શખ્સ ઓફિસ સુધીપહોંચી અને ત્યાંથી સાત લાખની રોકડ ચોરી ગયો હતો. આ મામલે પડધરી પોલીસેફરિયાદ નોંધી હતી. બીજી તરફ આચોરીના બનાવમાં ભક્તિનગર પોલીસે રાજકોટમાંથી અંકિત વિકાણી નામના એક શખ્સને સાત લાખની રોકડ સાથે ઝડપી લીધો હોય જેની પુછપરછ કરતા આ ચોરીનો ભેદ ઉકેલાઈ ગયોહતો અને તેને પડધરી પોલીસને સોંપવા માટે તજવીજ હાથ ધરાઈ છે.

# ભીલવાસ ચોક સ્થિત બેંકઓફ ઈન્ડીયાના બીજા માળે આગ ભભુકી, દોડધામ



શહેરમાં ભીલવાસ ચોક સ્થિત બેંક ઓફ ઈન્ડીયા અને કલેકટર કચેરી સામે આવેલા ખુલ્લા મેદાનમાં આગ ભભુકતા જ ફાયર ફાયટરો દોડી જઈ ભારે જહેમત બાદ બન્ને આગ પર કાબુ મેળવ્યો હતો. ભીલવાસ ચોક સ્થિત બેંક ઓફ ઈન્ડીયાના બીજા માળે સમીસાંજે પોણા આઠે આગ ભભુકતાની ફાયર બ્રિગેડને થતા ઈન્ચાર્જ સીએફઓ દવે તથા સ્ટાફ દોડી જઈ બીજા માળે પડેલ વાયર, નેટવર્કના સાધનો સહિતમાં આગ ભભુકી હોવાથી ફાયર બ્રિગેડના સ્ટાફે પાછળના દાદરા પરથી ચડી તાળા તોડી પાણીનો મારો ચલાવી ભારે જહેમત બાદ આગ પર કાબુ મેળવ્યો હતો.જો કે આગ આસપાસના બિલ્ડીંગમાં પસરે તે પૂર્વે જ બુઝાવી દીધી હતી. આગ કયાં કારણોસર ભભુકી તે જાણવા મળ્યું નથી.તેમજ કલેકટર કચેરી સામે આવેલા મેદાનમાં રહેલ સુકા ઘાસમાં આગ ભભુકાની જાણ થતા ફાયર ફાયટરો દોડી જઈ પાણીનો માર ચલાવી આગ પર કાબુ મેળવ્યો હતો.

# મૃત પુત્રની આત્મા શરીરમાં આવે છે કહી તબીબ સસરાએ વિધવા પુત્રવધૂને કર્યા અડપલાં

## ફરવા ગયા ત્યારે અને ઘરે મધરાત્રે રૂમમાં ઘૂસી ગયો, શારીરિક પજવણી કરી, સાસુને ફરિયાદ કરી તો કહ્યું કે, શરીરમાં પુત્ર આવે છેઃ વિધવાએ અંતે નોંધાવી ફરિયાદ

**મુખ્ય સમાચાર રાજકોટ**

તબીબી સસરાએ ફરવા ગયા હોય ત્યારે તેમજ ઘરે મધરાત્રે વિધવા પુત્રવધૂની શારીરિક પજવણી કરી હતી. બાપ સમાન સસરાની આવી હરકતની જાણ સાસુને કરતા તેઓએ પણ તેમના શરીરમાં પુત્રની આત્મા આવતી હોવાનું કહી દીધું હોય જેથી આખરે આખરે કંટાળી વિધવાએ સસરા વિરુદ્ધ પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.

આ અંગેની મળતી વિગતો મુજબ, કાલાવડ રોડ પર રહેતી ૩૮ વર્ષીય ભોગ બનનાર વિધવાએ યુનિવર્સિટી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા જણાવ્યું હતું કે, તેમના પતિનું લીવર ફેલિયરના કારણે ગત તારીખ ૨૧/૮/૨૦૨૩ ના અવસાન થયું હતું જે બાદ ૬ વર્ષનો પુત્ર અને પોતે એકલા રહે છે. પતિના અવસાનના આશરે ૯ મહિના બાદ તારીખ ૧૯/૫/૨૪ પુત્ર અને સાસુ-સસરા સાથે ચિત્રકૂટ ફરવા માટે ગયા હતા. રાત્રીના સમયે થાકીને તેણી સગીર પુત્ર સાથે સુઈ ગયેલ હોય તે દરમિયાન તેણીની જાણ બહાર તેમની સાથે સાસુની જગ્યાયે સસરા બાજુમા સુઈ ગયેલ હતાં. તેમજ સાસુને નિદરનો પ્રોબ્લેમ હોય જેથી તે ઉંઘની દવા લઈને અલગ ગાદલામાં નીચે સુતેલા હતાં. દરમિયાન સેતાન બનેલા આરોપી સસરાએ તેણી ઉંઘમા હોય તે સમયે ગાલ, પેટ તથા પ્રાઈવેટ પાર્ટ પર હાથ ફેરવવા લાગતાં અચાનક ડરી જઈ ને જાગી ગયેલ અને સસરાને કહેલ કે પપ્પા તમે આ શું કરો છો, તેમ કહીને તેના સાસુને જગાડવા જતા સસરાએ કહેલ કે, તુ જગાડીશ નહી બાકી જોવા જેવી થશે તેમ કહેલ જેથી તેણી ડરી જઈને આખી રાત એક ખુણામા બેસી રહેલ હતી.સવારે સાસુને વાત કરતા સાસુએ તેણીને કહ્યુ કે, મને તારા સસરાએ વાત કરેલ છે, તેણે કંઈ કરેલ નથી, તેના શરીરમાં મારો પુત્ર આવેલ હતો.તેમજ આ કોઈને કહીશ નહી નહીંતર તને ઘર ચલાવવા માટે પૈસા નહી આપીએ તેવુ જણાવતા કોઈ ને વાત કરેલ નહી. બાદમાં તા ૨૪/૦૩/૨૦૨૫ ના બપોરના સમયે ભોગ બનનારના ઘરે તેણીના બેન અને બનેવી આવયા હોય ત્યારે બપોરના સમયે સસરા ઘરે આવેલા અને જણાવેલ કે, મારે તારા સાસુ સાથે બનતું નથી તેથી હું અહીં જ રહીશ પુત્રવધૂએ આવુ સારુ ના લાગે શાંતિથી વાત કરીએ તેમજ સાસુ પણ અહીં રહેવા માટે આવી જાઈ તેવુ જાણવા સાસુને ફોન કરતાં તેઓએ કહ્યું કે, મારે તેની સાથે કાંઈ લેવા દેવા નથી, તેનુ કોઈ બીજી સાથે અફેર ચાલે છે.

જે બાદ સસરા અહીં રોકાઈ ગયા હોય ત્યારે રાત્રિના ૩.૩૦ દરમિયાન તેઓએ પુત્રવધૂનો દરવાજો ખખડાવેલો અને પોતાની જગ્યા બદલી હોય જેથી નીંદર ન આવતી હોય તેવું કહી તેણીનો હાથ પકડી ફરી પ્રાઈવેટ પાર્ટને અડવાની કોશિષ કરી હતી. જેથી તેને સસરાને ધક્કો મારી બાજુના રૂમમાં સૂતેલા બેન બનેવીને જગાડયા હતા. બીજા દિવસે તેણીએ માતા-પિતાને વાત કરી ફરિયાદ નોંધાવી છે. પોલીસે છેડતી સહિતની કલમોના આધારે આરોપીની ધરપકડ કરવા તજવીજ હાથ ધરી છે.

# સુરત થી રાજકોટ આવતી કિશોરી સાથે સ્લીપર કોચમાં શખ્સે આચર્યુ દુષ્કર્મ

## રાજકોટની જ હોસ્ટેલના કર્મચારીએ ધમકાવીને કિશોરીને વશમાં કરીઃ પોલીસે ઝીરો નંબરથી ફરિયાદ લઈને સુરત મોકલી

સુરતથી સ્લીપર કોચમાં રાજકોટ આવી રહેલી રાજકોટની એક કિશોરી સાથે ચાલુ બસમાં દુષ્કર્મ થયાની ઘટના બની છે. સુરતના મહિધરપુરા પોલીસે આ મામલામાં રાજકોટની ઈ જ જ એક એક હોસ્ટેલમાં હોસ્ટેલમાં રહેતા અને મૂળ ગીર સોમનાથ જિલ્લાનાં દેવળી ગામના વતની વિજય બારડ સામે પોક્સો અને એટ્રોસિટી એક્ટ હેઠળ ગુનો નોંધીને શોધખોળ શરુ કરી છે. આ મામલામાં દુષ્કર્મનો ભોગ બનેલી કિશોરી રાજકોટની સ્કુલમાં ભણતી હતી અને એ જ સ્કુલની હોસ્ટેલમાં નોકરી કરતો હતો. બંને વચ્ચે દોસ્તી પણ થઈ હતી સમય જતા આ કિશોરી વધુ અભ્યાસ માટે સુરત ગઈ હતી અને વિજય બારડ પણ તેની પાછળ પાછળ સુરત ગયો હતો. દરમિયાન આ કિશોરી સુરતથી રાજકોટ આવવા માટે એક સ્લીપર કોચમાં બેઠી ત્યારે આરોપી વિજય પણ બસમાં આવી ગયો હતો અને તેના ઉપર શરીર સંબંધ બાંધવા માટે દબાણ કર્યુ હતું. કિશોરીએ ઈનકાર કર્યો તો ઈમોશનલી બ્લેકમેઈલ કરી હતી અને આપઘાત કરવાની ધમકી આપી હતી. વધુમાં આપઘાત કરીને તને જ જવાબદારી ગણીને પોલીસ કાર્યવાહી કરશે તેવી ચીમકી પણ આપી હતી. આ ધમકીથી કિશોરી ડરી ગઈ હતી. આ વાતનો ફાયદો ઉઠાવીને વિજયે ચાલુ બસે દુષ્કર્મ કર્યુ હતું . આ કિશોરીએ રાજકોટમાં ઘરે પહોંચી પરિવારજનોને વાત કરી હતી એટલે પરિવારજનો રાજકોટમાં પોલીસ સ્ટેશન દોડી ગયા હતા અને ફરિયાદ આપી હતી. આ દુષ્કર્મ સુરતમાં થયું હોવાથી રાજકોટ પોલીસે ઝીરો નંબરથી ફરિયાદ નોંધીને સુરત મહીધરપુરા પોલીસ સ્ટેશન મોકલી આપી હતી. પોલીસ હાલમાં આરોપીની શોધખોળ કરી રહી છે.

# ભગવતીપરામાં તાવ-શરદીની બિમારી ૪ વર્ષની બાળકીનું મોત



રાજકોટ માં રોગચાળોબેકાબુ બન્યો હોય તેમ અવાર નવાર જીવલેણ રોગચાળાથી માનવ જીંદગી કાળના ખપ્પરમાં હોમાઈ રહી છે. ત્યારે વધુ એક બનાવમાં ભગવતી પરામાં રહેતા પરિવારની ચાર વર્ષની બાળકીનું તાવ-શરદીની બીમારી સબબ મોત નિપજતા પરિવારમાં માતમ છવાયો હતો આ અંગે ની જાણવા મળતી વિગત મુજબ ભગવતી પરા વિસ્તારમાં આવેલ આશાબાપીર દરગાહ પાસે રહેતા પરિવારની આઈશા આબીબભાઈ રાઉમા નામની ચાર વર્ષની બાળકી પોતાના ઘરે હતી ત્યારે સવારના અરસામાં બેભાન હાલતમાં ઢળી પડતા તાત્કાલીક સારવાર માટે જનાના હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવી હતી. જ્યાં બાળકીની સારવાર કારગત નિવડે તે પૂર્વેજ મોત નિપજતા પરિવારમાં અરેરાટી સાથે ગમગીની છવાઈ જવા પામી હતી. પ્રાથમિક તપાસમાં મૃતક આઈશા રાઉમા એકના એક ભાઈની એકની એક બહેન હતી. આઈશા રાઉમાં બે દિવસની તાવ-શરદીની બિમારીમાં સપડાયા બાદ મોત નિપજ્યું હોવાનું જાણવા મળ્યું છે. આબનાવ અંગે પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# ઈન્દિરા સર્કલ પાસે સિટી બસ દુર્ઘટનામાં હતભાગીઓને નિઃશુલ્ક કાનૂની મદદ

**મુખ્ય સમાચાર રાજકોટ**

શહેરમાં ઈન્દિરા સર્કલ પાસે સિટી બસના ચાલકે ચાર જિંદગીને કચડી નાખવાની ઘટના બાદ લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. આ દુર્ઘટનામાં ભોગ બનનાર હતભાગીઓને એડવોકેટ વિકાસ શેઠ નિશુલ્ક કાનૂની મદદ કરશે તેમજ આપવામાં આવેલી સહાય પણ બસ એજન્સી પાસેથી વસૂલવા માટે તૈયારી દર્શાવી છે. એડવોકેટ વિકાસ શેઠ દ્વારા પોતાની યાદમાં જણાવ્યું હતું કે, આ પ્રકારના અકસ્માત અને બનાવો બને છે ત્યારે રાજકારણને આગળ ધરી પોલિસતંત્ર અને કાનુની કાર્યવાહી બુઠી કરવાના પ્રયાસો બીજી જ મીનીટેથી શરૂ થઈ જાય છે. રાજકોટની પ્રજા એટલી ભુલકકડ અને સહનસીલ છે કે ચોવીસ અડતાલીસ કલાકમાં તમામ પ્રજાજનો આ ગંભીર ઘટના ભુલી તેના કામે લાગી જશે. આમાં પ્રજાનો પણ દોષ નથી. બહારથી સબ-સલામત દેખાતી શાસન વ્યવસ્થા અંદરથી તેટલી જ પોલી અને ખોખલી છે. પ્રજાને એટલા બધા પ્રશ્નો આપવામાં આવેલ છે કે તેને અવ્યવસ્થા, ગેરકાયદેસરતા કે કુશાસન પરત્વે ધ્યાન ન જાય. ન્યાય વ્યવસ્થા એટલી મંદ અને શિથીલ છે કે પ્રજાને વિલંબને કારણે જ આપોઆપ અન્યાય થઈ જાય ત્યારે એડોવકેટ વિકાસ શેઠ દ્વારા સિટી બસ દુર્ઘટનામાં હતભાગીઓને ન્યાય મળી રહી તેવા ઉમદા હેતુથી રાજકોટ કોર્ટમાં નિ :શુલ્ક વકીલ તરીકેની સેવા તથા કાનુની માર્ગદર્શન આપવાની તૈયારી દર્શાવેલ છે. અને તમામ ભોગ બનનારના કુટુંબીજનોને મોબાઈલ નં. ૯૮૨૫૪-૮૧૭૦૭ ઉપર સંપર્ક કરવા જણાવેલ છે. વધુમાં જણાવ્યું હતું કે, અકસ્માત બન્યા બાદ રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશનએ બસ કોન્ટ્રાકટ એજન્સી કે જે આ ઘટનામાં મુખ્ય આરોપી છે.



વિકાસ શેઠ

૧૫-૧૫ લાખ રૂપિયાની સહાય જાહેર કરેલ છે. ભોગ બનનારને તાત્કાલિક સહાય આપવી તે સારી બાબત છે. આ રકમએ પ્રજાના લોહી પસીનામાંથી ચુકવાયેલ ટેકસની છે.

જેથી તેવી રકમ ગુનાહીત કૃત્યમાં ખરડાયેલ બસ એજન્સી પાસેથી અને આ ગુનામાં સંડોવાયેલ તમામ પાસેથી વસુલવા પણ એડવોકેટ દ્વારા મનપા કમિશનરને લેખિતમાં જાણ કરી છે. તેમજ આ કાર્યવાહી કરવામાં જો મનપા આંખ મિચામણા કે કસુર કરશે તો રીપ્રેઝન્ટેટીવ કેપેસીટીમાં કાનૂની કાર્યવાહી હાથ ધરવામાં આવશે તેવું જણાવવામાં આવેલ છે.

# તરઘડીયા ગામે કૂવામાં પડી જતાં યુવકનુ મોત



**મુખ્ય સમાચાર રાજકોટ**

તરઘડીયા ગામે રાજસ્થાનથી કૂલ ખોદવા આવેલ મંજૂર કૂવામાં હાલતમાં હોસ્પિટલમાં ખસેડાયો હતો અહીં યુવકનું મોત થતાં પરિવારમાં ગમગીની છવાઈ જવા પામી હતી. આ ઘટના રાત્રિ દરમિયાન બની હોય અને યુવકના મૃતદેહ પર ઈજાના નિશાન હોવાથી પોલીસે ફોરેન્સિક પીએમ કરાવી મોતનું ચોકકસ કારણ જાણવા તજવીજ હાથ ધરી છે. મળતી વિગતો મુજબ, મૂળ રાજસ્થાન રહેતો અને તરઘડીયા ગામે કૂવો ખોદવા આવેલ કાળુસિગ મેઘનસિગ રાવત (ઉંમર વર્ષ ૪૦) નામના યુવક ગામમાં આવેલ કૂવામાંથી મંગળવારે રાત્રિના ૯ વાગ્યે ઈજાગ્રસ્ત હાલતમાં મળી આવ્યો હતો જેને તુરંત સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો અહીં સારવાર દરમિયાન યુવકે દમ તોડી દીધો હતો. ઘટના અંગે જાણ થતાં જ કુવાડવા પોલીસે મથકના પીએસઆઈ એમ.જે સોલંકી સહિતનો સ્ટાફ હોસ્પિટલે પહોંચી ગયો હતો. બનવા રાત્રિનો હોય અને યુવક એકલો હોય તેમજ તેના શરીર પર ઈજાના નિશાન હોય જેથી મોતનું ચોકકસ કારણ જાણી શકાય તેમજ યુવક સાથે જો કે હાલમાં પરિવાર દ્વારા કોઈ પણ જાતના આક્ષેપો કરવામાં આવ્યા ન હોય ત્યારે પ્રાથમિક તપાસમાં અંધારામાં યુવકને કૂવો ન દેખાતા તે તેમાં પડી ગયો હોય તેવો બનાવા સર્જાયોનું પોલીસ પાસેથી જાણવા મળી રહ્યુ છે.

# ભાવનગરના રાજપરા-ખારા ગામના યુવાનની પ્રેમ સંબંધે તીક્ષ્ણ હથિયારના ઘા ઝીંકી હત્યા

ભાવનગર જિલ્લા ના રાજપરા ખારા ગામમાં રહેતા યુવાનની પ્રેમ સંબંધ મામલે તેના કુટુંબી સહિતનાએ તીક્ષ્ણ હથિયારના ઘા ઝીંકી હત્યા કરી નાખવામાં આવતા ઘોઘા પોલીસે યુવાનના મૃતદેહને ભાવનગર હોસ્પિટલ ખસેડી તપાસ હાથ ધરી છે. આ બનાવ અંગે વિગત મુજબ ભાવનગર જિલ્લાના ઘોઘા તાલુકાના રાજપરા ખારા ગામની સીમ, મલાર વાડી વિસ્તારમાં રહેતા રાકેશભાઈ ઝીણાભાઈ ચૌહાણ છેલ્લા ત્રણ વર્ષથી નાગધણીબા ગામના પોપટભાઈ ઓઘાભાઈ પટેલની જમીનમાં ભાગ રાખી ખેતીવાડી કરતા હતા.રાકેશભાઈને તેમની બાજુમાં રહેતા તેમના કુટુંબી અશોકભાઈ લવજીભાઈ ચૌહાણની દીકરી કોમલ સાથે પ્રેમ સંબંધ હોવાથી યુવતીના ભાઈ જયદીપ અને કુટુંબી નીતિન જેન્તીભાઈ ચૌહાણ સાથે બોલાચાલી અને ઝઘડો થતો હતો.પ્રેમ સંબંધ અને ઝઘડાની દાઝ રાખી ગત રાત્રિના ૧૧ વાગ્યા આસપાસ મલાર વાડી વિસ્તારમાં આવેલ બાડી નાગધણીબા વાળી નળમાં જયદીપ ઉર્ફે ભકુડો અશોકભાઈ ચૌહાણ, નીતિન જેન્તીભાઈ ચૌહાણ અને તેના મિત્રોએ એકસંપ કરી રાકેશભાઈની છાતી, પેટ અને પેડુના ભાગે તીક્ષ્ણ હથિયારના ઘા ઝીંકી દેતા રાકેશભાઈનું બનાવ સ્થળે જ મોત નિપજ્યું હતું. આ ઘટનાની જાણ થતા આસપાસના વાડીના લોકો, રાકેશભાઈના પરિવારના સભ્યો દેડી ગયા હતા અને પોલીસને જાણ કરતા ઘોઘા પોલીસ કાફલો પણ દોડી ગયો હતો.ઘોઘા પોલીસે મૃતક યુવાનના મૃતદેહને પ્રથમ ઘોઘા સરકારી દવાખાને અને ત્યાંથી પોસ્ટમોર્ટમ માટે ભાવનગર હોસ્પિટલ ખસેડી તપાસ હાથ ધરી છે. આ બનાવ અંગે મૃતક યુવાનના ભાઈ અમિતભાઈ ઝીણાભાઈ ચૌહાણે તેના કુટુંબી જયદીપ ઉર્ફે ભકુડો, નીતિન જેન્તીભાઈ ચૌહાણ અને તેના મિત્રો વિરુદ્ધ તીક્ષ્ણ હથિયારના ઘા ઝીંકી તેના મોટા ભાઈ રાકેશભાઈની હત્યા કરી હોવાની ઘોઘા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

